સુવિચાર
"દેખાડીને જીવવા કરતાં જીવીને દેખાડવું હિતકારી છે."
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૯/૦૩/૨૦૨૬, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૨ ચૈત્ર સુદ-૧ વર્ષ : ૧૭ અંક : ૦૮૦

## દિવસ-રાત આકાશમાં સતત ઉડતા ટચુકડા વિમાનથી શાંતિનો ભંગ

# અમરેલી પંથકની ૨ લાખ જનતા પાયલોટ ટ્રેનિંગથી તોબા... તોબા...

**પદાધિકારીઓ અને અધિકારીઓને અવારનવાર રજૂઆત કરવા છતાં ધ્વનિ પ્રદુષણ બંધ થતુ નથી**

**બાળકો, વૃધ્ધો, બિમાર વ્યકિતઓ વિશેષ પરેશાન થઈ રહૃાા છે**

**સવારનાં ૭ થી રાત્રિનાં ૨ થી ૩ વાગ્યા સુધી સતત આવતાં અવાજથી જનતા નારાજ બની**

**લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકોને અનુરૂપ કામગીરી કરવાને બદલે શાસકો મનફાવે તેમ મંજૂરી આપે છે**



અમરેલી, તા. ૧૮

અમરેલી પંથકની અંદાજિત ૨ લાખ જેટલી જનતા છેલ્લા ૨ વર્ષ કરતાં વધારે સમયથી શહેરમાં ધમધમતા પાયલોટ ટ્રેનિંગ સેન્ટર ધ્વારા શહેરમાં ઉડાવાતા ટચુકડા વિમાનોનાં ઘોંઘાટથી તોબા પોકારી ચુકી છે. જાગૃત નાગરિકોએ પદાધિકારીઓથી લઈને અધિકારીઓ સુધી રજૂઆત કરી છતાં કોઈ પરિણામ મળતુ નથી.

અમરેલી શહેરમાં પાયલોટ ટ્રેનિંગ આપતી સંસ્થાઓ ધ્વારા શહેરમાં પાયલોટ બનવા માંગતા વિદ્યાર્થીઓને વિમાન ઉડાડ બની તાલીમ આપવામાં આવી રહી છે. જેમાં સવારનાં ૭ થી રાત્રિનાં ૨ થી ૩ વાગ્યા સુધી ટચુકડા વિમાનો ઉડાઉડ કરતાં તેમનાં અવાજથી બાળકો, વૃધ્ધો, બિમાર વ્યકિતઓની હાલત બગડી રહી છે. બે લાખ નાગરિકોની શાંતિનો ભંગ થઈ રહૃાો છે તેમજ પશુ અને પક્ષીઓ પણ પરેશાન થઈ રહૃાા છે.

લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકોને વિશ્વાસમાં લઈને શાસકોએ શાસન ચલાવવાનું હોય છે તેને બદલે લોકોની શાંતિ, સુરક્ષાને નેવે મુકીને ચાલતા પાયલોટ ટ્રેનિંગ સેન્ટરનાં સંચાલકોને જનતાની કોઈ ચિંતા નથી.

એરપોર્ટ નજીકનાં વિસ્તારોમાં રહેતા નાગરિકો ટચુકડા વિમાનોનાં અવાજથી ત્રાહીમામ પોકારી ચુકી છે. અગાઉ એક ટચુકડા વિમાનનો અકસ્માત થતાં પાયલોટનું ઘટના સ્થળે જ મોત નિપજયાની ઘટના બની ચુકી છે. છતાં પણ ઉડયન મંત્રાલય આ બાબતે કોઈ ગંભીરતા દાખવતા નથી.

શહેરીજનોની છત ઉપરથી સતત ટચુકડા વિમાનો પસાર થતાં હોય નાગરિકો અવાજ અને અકસ્માતથી ત્રાહીમામ થઈ ચુકયા છે. પાયલોટ ટ્રેનિંગ માટે રહેણાંક વિસ્તારનો ઉપયોગ કરવાની સાથે દિવસમાં સવાર અને સાંજે ૨-૨ કલાક સુધી તાલીમ આપવી જોઈએ તેવી માંગ શહેરીજનો કરી રહૃાા છે.

આ અંગે અમરેલીનાં ધારાસભ્ય, સાંસદ યોગ્ય કાર્યવાહી કરે નહી તો જાગૃત નાગરિકો માનવ અધિકાર આયોગ અને ન્યાય મંદિરનાં દરવાજા ખટખટાવે તો નવાઈ પામવા જેવું નહી રહે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,42,900/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૮/૦૩/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૭૩૧૩૧

આયુર ગ્લો
હવે અમરેલીમાં મળશે
Scientific Skin & Hair Care
Hair Fall... Acne... Dull Skin થી પરેશાન છો?
Personalized Advanced Ayurvedic Treatment
Scientific Analysis
Natural Long-Lasting Result
Healthy Skin અને Strong Hair માત્ર Luckથી નહીં
Proper Careથી મળે છે.



એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો: +91 91060 20550
દુકાન નં. 1-2, ગ્રાઉન્ડ ફ્લોર, હોટેલ અમરેલી ઈન, સ્ટેશન રોડ, અમરેલી

naari IVF
"નવી આશા, નવી યાત્રા"



અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.7862037707

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો.વિરલ વસાણી – ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન
મગજ ,મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત
તા.૧૯/૦૩/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૦ થી ૧૨

ડો.કૈવંત પટેલ – ઈન્ટરવેન્શનલ પલ્મોનોલોજીસ્ટ
ફેફસાના રોગો અને એડવાન્સ બ્રોન્કોસ્કોપીનાં નિષ્ણાંત
PFT રીપોર્ટની સુવિધા ઉપલબ્ધ છે
તા.૧૯/૦૩/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૧ થી ૧

ડો.જય વિઠલાણી – કાર્ડિયોલોજીસ્ટ
હૃદયરોગ નિષ્ણાંત
તા.૨૦/૦૩/૨૦૨૬, શુક્રવારે, બપોરે ૧૨ થી ૧:૩૦

ડો.સાગર બરાસરા – એન્ડોકાઈનોલોજીસ્ટ
ડાયાબિટીસ, થાયરોઈડ અને હોર્મોન્સના નિષ્ણાંત
તા.૨૧/૦૩/૨૦૨૬, શનિવારે, સવારે ૯ થી ૧

ડો.મૈત્રય જોષી – યુરોલોજીસ્ટ એન્ડ એન્ડ્રોલોજીસ્ટ
કિડની, પથરી અને વ્યંધત્વનાં રોગોના નિષ્ણાંત
તા.૨૧/૦૩/૨૦૨૬, શનિવારે, સાંજે ૫ થી ૬

(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી – કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ) મો. ૮૧૪૦૭૩ ૯૫૫૨૨
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૯ ૪૯૧૩૦

સુ સ્વાગતમ્... સુ સ્વાગતમ્... સુ સ્વાગતમ્... સુ સ્વાગતમ્... સુ સ્વાગતમ્...



ભુપેન્દ્રભાઇ પટેલ – મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજય
જગદીશભાઇ વિશ્વકર્મા – પ્રદેશ પ્રમુખશ્રી
જીતુભાઇ વાઘાણી – કૃષિમંત્રીશ્રી
કૌશિકભાઇ વેકરીયા – ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય મંત્રીશ્રી

જાહેર આમંત્રણ

આગામી તા. ૨૧/૦૩/૨૦૨૬ને શનિવારનાં રોજ સવારે ૧૦ કલાકે અમરેલી નવા માર્કેટયાર્ડ ખાતે ગુજરાતનાં સૌથી મોટા "વિરાટ શેડ" નું ઉદ્દઘાટન રાજયનાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલનાં વરદ્હસ્તે કરવામાં આવશે

સાવરકુંડલા રોડ પર આવેલ નવા અદ્યતન માર્કેટયાર્ડ ખાતે સંસ્થા દ્વારા ખેડૂતોનાં વિશાળ હિતને ધ્યાનમાં રાખીને નવી ખરીદ કરેલ ૨૪ એકર જમીનમાં રૂા. ૫૪ કરોડનાં ખર્ચે આધુનિક સુવિધાયુકત એકસ્પાન્સનનું ખાતમુહૂર્ત તેમજ ૨ લાખ ચો.ફુટ જગ્યામાં ગુજરાતનો સૌથી મોટા "વિરાટ શેડ"નું નિર્માણ કરેલ જેનું લોકાર્પણ રાજયનાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબનાં વરદ્હસ્તે કરવામાં આવશે. જે કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ પ્રમુખશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા, કૃષિમંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતોનાં મંત્રીશ્રી કૌશિકભાઇ વેકરીયા પણ ઉપસ્થિત રહેવાનાં છે. આ કાર્યક્રમ તા. ૨૧/૦૩/૨૦૨૬ને શનિવારનાં રોજ સવારે ૧૦ કલાકે યોજવામાં આવશે. તો અમરેલી જિલ્લાનાં તમામ ખેડૂતભાઇઓ, વેપારીમિત્રો અને શહેરી પ્રજાજનોને સવારે ૯:૩૦ કલાકે સાવરકુંડલા રોડ પર આવેલ નવા માર્કેટયાર્ડ ખાતે ઉદ્દઘાટન કાર્યક્રમમાં હાજરી આપવા નમ્ર અપીલ છે.

ભાવિનભાઇ જે.સોજીત્રા – ચેરમેન
ચંદુભાઇ બી.પોલરા – વાઇસ ચેરમેન
તુષારભાઇ એચ.હપાણી – સેક્રટરી

## સાવરકુંડલા, ધારી સહિતનાં શહેરોમાં ભાજપનાં આગેવાનોની બેઠક યોજાઈ

# અમરેલીમાં મુખ્યમંત્રી અને ભાજપા પ્રમુખનાં આગમનને લઈને ધમધમાટ

મુખ્યમંત્રી અને ભાજપા પ્રમુખનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવા સૌને ઉપસ્થિત રહેવા જણાવાયુ

ઐતિહાસિક માત્રામાં જનસંખ્યા એકત્ર કરવામાં આવે તેની તડામાર તૈયાર થઈ રહી છે

ભાજપા પ્રદેશ પ્રમુખ બન્યા બાદ જગદીશ વિશ્વકર્મા સૌપ્રથમ આવી રહા હોય કાર્યકરોમાં ઉત્સાહ

શનિવારે નવા માર્કેટયાર્ડ–અમરેલી ખાતે કરોડો રૂપિયાનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાશે





અમરેલી, તા. ૧૮

અમરેલીનાં નવા માર્કેટયાર્ડ ખાતે આગામી શનિવારે રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપા પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, જિલ્લાનાં પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજય ઉર્જામંત્રી કૌશિક વેકરિયાનું આગમન થઈ રહ્યું હેય અને રોડો રૂપિયાનાં વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થવાનું હોય સમગ્ર જિલ્લામાં ભાજપી કાર્યકરોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જે અંતર્ગત જિલ્લાનાં જુદા–જુદા શહેરોમાં આયોજન અર્થે બેઠક યોજાઈ રહી છે.

**સાવરકુંડલા**

આગામી ૨૧ માર્ચના રોજ અમરેલી ખાતે યોજાનાર મુખ્યમંત્રી અને ભાજપ પ્રદેશ અધ્યક્ષના મહત્વપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવવા માટે સાવરકુંડલા સ્થિત અટલધારા કાર્યાલય ખાતે આયોજન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિવિધ સંગઠનાત્મક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી તેમજ કાર્યક્રમને ભવ્ય બનાવવા માટે જરૂરી તૈયારીઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

બેઠક દરમિયાન આગેવાનોને વિવિધ જવાબદારીઓ સોંપવામાં આવી હતી અને દરેક કાર્યકર્તાએ પોતાના વિસ્તારમાં વધુમાં વધુ લોકોની ઉપસ્થિતિ સુનિશ્ચિત કરવા માટે પ્રયાસો કરવાની અપીલ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જનસમૂહ જોડાય તે માટે પ્રચાર–પ્રસાર અને વ્યવસ્થાપન અંગે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં તાલુકા અને શહેર સ્તરના આગેવાનો, હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ એકમતથી કાર્યક્રમને સફળ બનાવવા માટે સંકલ્પ વ્યકત કર્યો હતો.

આ કાર્યક્રમ રાજકીય રીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે, જેને લઈ કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

**ધારી**

ધારી ભાજપ ધ્વારા તા. ૨૧/૩/૨૦૨૬ના સવારે ૯:૩૦ કલાકે ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ગુજરાત પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિકર્મા પધારવાના કાર્યક્રમને લઈ આયોજન અંગે ચર્ચા કરવા માટે એક મહત્વપૂર્ણ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મીટિંગમાં ઉપસ્થિત ધારી તાલુકા ભાજપ પ્રભારી દિવ્યેશભાઈ વેકરીયા, મુકુંદભાઈ મહેતા તેમજ પૂર્વ ધારાસભ્ય મનસુખભાઈ ભૂવા તેમજ તાલુકા ભાજપ પ્રમુખ મૃગેશ કોટડીયા, માર્કેટિંગ યાર્ડ ચેરમેન રમણીકભાઈ સોજિત્રા, યાર્ડના ડિરેકટર ખોડાભાઈ ભૂવા, મુકેશભાઈ રૂપારેલિયા, પ્રિતેશભાઈ શિરોયા, એસ.એચ. પરમાર, જીલ્લા મહિલા મોરચાના સરોજબેન દેવમુરારી, અનવરભાઈ લલિયા, રમેશભાઈ વાઘેલા, નિર્મળાબેન લૂણગાતર, કિશોરભાઈ વાળા, મધુભાઈ, કાળુભાઈ ડાભી, ગોબરભાઈ નકુમ, રિધ્ધેશભાઈ જોશી, હિંમતભાઈ ખેતરીયા, મુન્નાભાઈ સાવલિયા, ચંદ્રેશભાઈ વાળા, ગોવિંદભાઈ પરમાર, ચિંતન રંગપરિયા, મેહુલભાઈ સોજિત્રા, સવજીભાઈ મયાત્રા, ઈલુભાઈ બ્લોચ, નીલુબેન જોશી, આશાબેન મકવાણા, નાવેદભાઈ ચૌહાણ, વિજયભાઈ સાવલિયા તેમજ ભારતીય જનતા પાર્ટીના મોટી સંખ્યામાં તમામ કાર્યકરો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

**બગસરા**

બગસરા માર્કેટિંગ યાર્ડ ખાતે આજે ભાજપના દિગ્ગજ નેતાઓ, હોદ્દેદારો અને પાયાના કાર્યકરોની એક અત્યંત મહવપૂર્ણ બેઠક મળી હતી, જેમાં સંગઠન શકિતના દર્શનની સાથે આગામી કાર્યક્રમની વ્યૂહરચના ઘડવામાં આવી હતી. અમરેલી જિલ્લા ભાજપ દ્વારા બગસરા મંડળના પ્રભારી તરીકેની નવનિયુકત જવાબદારી સોંપાયા બાદ પ્રકાશભાઈ કારીયા અને હિંમતભાઈ દોંગાએ આ બેઠક બોલાવી હતી. બેઠકની શરૂઆતમાં બગસરા શહેર ભાજપના હોદ્દેદારો દ્વારા પાર્ટીનો ખેસ પહેરાવી બંને પ્રભારીઓનું ભાવભીનું સ્વાગત–સન્માન કરી શિસ્તબદ્ધ સંગઠનનો પરિચય આપ્યો હતો.

આ બેઠકમાં ઉપસ્થિત સૌ આગેવાનોએ ૨૧મી તારીખે સવારે ૯:૩૦ કલાકે અમરેલી માર્કેટિંગ યાર્ડ ખાતે યોજાનાર કાર્યક્રમમાં બગસરા મંડળમાંથી વિક્રમી સંખ્યામાં કાર્યકરો અને જનમેદની ઉમટી પડે તે માટે માઈક્રો પ્લાનિંગ પર ભાર મૂકયો હતો. અમરેલી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મનોજભાઈ મહીડાએ પોતાના સંગઠનલક્ષી માર્ગદર્શનમાં કાર્યકરોને ઊર્જાવાન બનાવ્યા હતા, તો બગસરા નાગરિક બેંકના ચેરમેન રશ્મિનભાઈ ડોડીયાએ પણ આગામી કાર્યક્રમની સફળતા માટે કાર્યકરોને હાંકલ કરી જોમ પૂર્યુ હતું. આ તકે માત્ર કાર્યક્રમના આયોજનની જ નહીં, પરંતુ કેન્દ્ર અને રાજય સરકારની જનકલ્યાણકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવાના સેવા યજ્ઞમાં દરેક કાર્યકર પોતાનું યોગદાન આપે તેવો નિર્ધાર વ્યકત કરવામાં આવ્યો હતો.

### મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

## લ્યો બોલો : ટીંબી ગામનાં ખેડૂતે ગાંજાનાં વાવેતર કરવાની પરમીટ માંગતા ચકચાર

### ખેતીમાં વધતો ખર્ચ અને યોગ્ય ભાવ ન મળતા નિરાશ થયા

અમરેલી, તા. ૧૮

જાફરાબાદ તાલુકાના ટીંબી ગામના ખેડૂત ભાલાળા ઘનશ્યામભાઈએ ખેતી ક્ષેત્રની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજય સરકારના કૃષિ મંત્રી, મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને લેખિતમાં એક અનોખી અને ચર્ચાસ્પદ રજૂઆત કરી છે. ખેતીમાં સતત વધતા ખર્ચ અને પાકને યોગ્ય ભાવ ન મળતા તેઓએ ગાંજાની ખેતી માટે સરકાર માન્ય પરમીટ આપવા માંગણી કરી છે.

પત્રમાં જણાવ્યું છે કે, તેઓ પોતાના પિતાની માલિકીની સર્વે નંબર ૪૭/૩, ખાતા નંબર ૧૪૯ની જમીનમાં વર્ષોથી ઘઉં, કપાસ, સોયાબીન, તલ અને ડુંગળી જેવા પાકોની ખેતી કરે છે. પરંતુ છેલ્લા ૧૦થી ૧૨ વર્ષમાં ખેતીનો ખર્ચ બેથી ત્રણ ગણો વધી ગયો છે. તેમણે ઉદાહરણ આપતાં જણાવ્યું કે વર્ષ ૨૦૧૨માં ડીએપી ખાતરનો ભાવ ૬૫૦ રૂપિયા હતો, જે આજે ૧૫૦૦ રૂપિયા સુધી પહોંચ્યો છે. ડિઝલનો ભાવ ૩૨ રૂપિયાથી વધીને ૧૦૦ રૂપિયા થયો છે, જયારે મજૂરી ૧૦૦ રૂપિયાથી વધીને ૫૦૦ રૂપિયા સુધી પહોંચી ગઈ છે.

બીજી તરફ ખેતીના પાકોના ભાવમાં કોઈ ખાસ વધારો થયો નથી. ઘઉંનો ભાવ વર્ષો પહેલા જેટલો હતો તે આજે પણ લગભગ એટલો જ છે. કપાસનો ભાવ તો ૨૦૧૬–૧૭ના ૨૦૦૦ રૂપિયાથી ઘટીને આજના સમયમાં લગભગ ૧૪૦૦ રૂપિયા જેટલો રહ્યો છે. આ પરિસ્થિતિમાં ખેડૂતોને ખેતીમાં નફો મળવો મુશ્કેલ બની ગયો છે.

વધુમાં જણાવ્યું કે, ખેડૂતો મજબૂરીમાં પેઢીથી ચાલતી ખેતીનો વ્યવસાય કરે છે, પરંતુ હાલની પરિસ્થિતિ એવી બની છે કે ઘણા ખેડૂતો ખેતી છોડીને હિજરત કરવા મજબૂર બની રહ્યા છે. તેમણે પત્રમાં લખ્યું છે કે જો ખેતીમાં યોગ્ય વળતર નહીં મળે તો તેઓ અનાજ અને કઠોળ જેવા પરંપરાગત પાકો છોડવા તૈયાર છે.

આ સંજોગોમાં તેમણે સરકારને વિનંતી કરી છે કે જેમ કેટલાક ક્ષેત્રોમાં પરમીટ આપવામાં આવે છે, તેમ ખેતીમાં પણ વિકલ્પરૂપે ગાંજાની ખેતી માટે સરકાર માન્ય પરમીટ આપવામાં આવે. તેમણે ખાતરી આપી છે કે જો સરકાર પરમીટ આપે તો તેઓ આવનારી ચોમાસાની સિઝનમાં ૯થી ૧૦ વિઘા જમીનમાં સરકારના તમામ નિયમો અને ધારાધોરણ મુજબ ગાંજાનું વાવેતર કરશે અને ઉત્પાદનથી લઈને વેચાણ સુધી તમામ નિયમોનું પાલન કરશે.

આ સાથે તેમણે જણાવ્યું કે તેમનો હેતુ માત્ર યોગ્ય આવક મેળવવાનો છે જેથી તેઓને ખેતી છોડીને બહાર હિજરત કરવાની ફરજ ન પડે. તેમના આ પત્રથી ખેતી ક્ષેત્રમાં વધી રહેલા ખર્ચ, ઘટતા પાક ભાવ અને ખેડૂતોની વાસ્તવિક સ્થિતિ અંગે ફરી એકવાર ચર્ચા તેજ બની છે.

ખેડૂતો હવે પરંપરાગત ખેતીમાં મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે અને વિકલ્પ શોધવા મજબૂર બન્યા છે. હવે જોવાનું રહ્યું કે રાજય સરકાર આ રજૂઆત પર શું નિર્ણય લે છે અને ખેડૂતોને રાહત આપવા માટે શું પગલાં લે છે.

### લોકો ખુલીને હવે પોતાનો અવાજ ઉઠાવતા થયા છે : અમિત ચાવડા

## પરિવર્તનનો શંખનાદ : વિવિધ રાજકીય આગેવાનો અને સામાજિક અગ્રણીઓ કોંગ્રેસની વિચારધારા સાથે જોડાયા

### હવે સમાજનાં દરેક વર્ગ અને વિસ્તારનાં લોકો કુશાસનથી ત્રસ્ત છે



અમદાવાદ, તા. ૧૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા સહિતના આગેવાનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત આમ આદમી પાર્ટીના આગેવાનો અને કાર્યકર્તાઓને આવકાર્યા હતા.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ભાજપ સરકારની જનવિરોધી નીતિને લીધે સમગ્ર દેશવાસીઓ પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યાં છે. ભાજપ શાસનમાં શિક્ષણ, આરોગ્ય સહિતની સેવાઓ સતત મોંઘી થતી જાય છે. યુવાનોને રોજગારી નથી, માટે ગુજરાતના હિતમાં સત્તા પરિવર્તન જરૂરી છે. કોંગ્રેસ પક્ષ સકારાત્મક એજન્ડા સાથે આગળ વધી રહી છે. અનેક મોટા નેતાઓ તથા કાર્યકર્તાઓ, રાજકીય અને બિનરાજકીય આગેવાનો અને કાર્યકર્તાઓ અવિરત રીતે કોંગ્રેસ સાથે જોડાઈ રહ્યા છે, તેઓ સહિત આપ સૌને આવકારીએ છીએ તથા આપ સૌનું માનસન્માન સચવાઈ રહે તેની ખાતરી આપીએ છીએ. લોકશાહી બચાવવા, સંવિધાનની રક્ષા માટે ભાજપની મતોની વિભાજનકારી રાજનીતિ સામે સૌએ એક થઈને લડવું પડશે. કોંગ્રેસમાં સરમુખત્યારશાહી નહીં પરંતુ લોકશાહી છે. ભાજપના શાસનમાં મોંઘવારી–બેરોજગારી સતત વધી રહી છે. દૂધમાં સાકર ભળે અને મીઠાશ વધે તેમ મોટી સંખ્યામાં વિવિધ પક્ષના આગેવાન–કાર્યકરો આવવાથી કોંગ્રેસ પક્ષ વધુ મજબુત બનશે. કોંગ્રેસની વિચારધારાએ દેશની આઝાદી માટે લડત લડી છે. આ એક 'બીજી આઝાદીની લડાઈ' કે જે બંધારણ બચાવવાની લડાઈ છે, લોકશાહી બચાવવાની લડાઈ છે. કોંગ્રેસ પક્ષની વિચારધારા સૌને સાથે લઈને ચાલવામાં માનનારી છે. ખાસ કરીને આજે આખા ગુજરાતમાં 'જનાક્રોશ યાત્રા' જે રીતે અલગ અલગ વિસ્તારોમાં ભ્રમણ કર્યુ, જે રીતે લોકોની વચ્ચે જઈને કામ કર્યુ, લોકોની વચ્ચે જઈને સંવાદ કર્યો, એનાથી એટલું સ્પષ્ટ થાય છે કે હવે સમાજના દરેક વર્ગના લોકો, દરેક વિસ્તારના લોકો આ કુશાસનથી ત્રસ્ત છે. લોકો ખુલીને હવે પોતાનો અવાજ ઉઠાવતા થયા છે, લડવાની તૈયારી સાથે આગળ આવ્યા છે અને એના જ કારણે ધીમે ધીમે ગુજરાતમાં જે પરિવર્તનની લોકોની જે ચાહના છે, જે અપેક્ષા છે, એ પરિવર્તનની દિશામાં અસંખ્ય આગેવાનો કોંગ્રેસ પાર્ટીમાં જોડાઈ રહ્યા છે.

સી.એ. જયદીપભાઈ પંડયા, ભાવેશભાઈ કાતરિયા, નારાયણભાઈ કાનાણી, વજાભાઈ બી. આહિર, બાબુભાઈ હુંબલ, વિરમભાઈ જે. આહિર, હમીરભાઈ આહિર સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તા–આગેવાનો આમ આદમી પાર્ટીથી મોહભંગ થતા કોંગ્રેસ પક્ષની વિચારધારા સાથે વિધીવત રીતે જોડાયા હતા. આમ આદમી પાર્ટીમાંથી જોડાયેલ સર્વે આગેવાનોએ એક જ સુરમાં કહ્યું હતું કે, આમ આદમી પાર્ટી એ માત્ર સત્તા વિરોધી કોંગ્રેસને મળતા મતને તોડવા માટે અને ભાજપને જીતાડવા માટે જ કાર્યરત છે, દિલ્હીથી આવેલા આપના નેતાઓ માત્રને માત્ર જાણે ભાજપના સમર્થનમાં આદેશો આપતા હોય તેવા વારંવાર અનુભવો થતાં હતા. અંતે સત્યનું જ્ઞાન થતાં કોંગ્રેસ એક માત્ર સૌને સાથે લઈને ચાલનારી પાર્ટી છે અને ભાજપના તાનાશાહી શાસનને પડકારી શકવા સક્ષમ છે તથા ભાજપના ભય, ભુખ અને ભ્રષ્ટાચારની નીતિ સામે ટક્કર લઈ પ્રજાલક્ષી અભિગમ સાથે કાર્ય કરી રહી છે અને અમે દુધમાં સાકરની જેમ ભળીને કોંગ્રેસી વિચારધારાને જનજન સુધી પહોંચાડવા કટીબધ્ધ રહીશું.

### ઝેરી ધુમાડાથી ખેતીપાકો, જમીન અને પાણીને નુકસાન

## વડિયાનાં બાંટવા દેવળી નજીક ચાલતા ટાયર બાળવાના કારખાનાથી ખેડૂતો પરેશાન

### ખેડૂતોએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું



અમરેલી, તા. ૧૮

વડિયા નજીક આવેલ બાટવા દેવળી વિસ્તારમાં અનઅધિકૃત રીતે ચાલતા ટાયર બાળવાનાં કારખાનાની પર્યાવરણને વ્યાપક નુકશાન થતું હોય ખેડૂતોએ મામલતદારને આવેદનપત્ર પાઠવીને યોગ્ય કરવા માંગ કરી છે.

ખેડૂતોએ જણાવ્યું કે કારખાનામાં ટાયર બાળીને ઓઈલ બનાવવામાં આવે છે. અને કારખાનું અનઅધિકૃત રીતે ચાલી રહયું છે. કારખાનાથી ખેતીપાકો જમીન અને પાણી તેમજ જનઆરોગ્યને નુકશાન થઈ રહયું હોય કારખાનું બંધ કરાવવા માંગ કરેલ છે.


સ્વાસ્થ્યની સફરમાં તમારો આજીવન સાથી

૧૨,૦૦૦+ દર્દીઓના જીવનમાં હોમિયોપેથી દ્વારા સકારાત્મક પરિવર્તન

લાંબી અને જટિલ માંદગીમાંથી મુક્તિ માનસિક સ્વાસ્થ્ય, ન્યુરોલોજીકલ અને ચેતાતંત્રના રોગો, ચામડી અને સૌંદર્યલક્ષી રોગો, શ્વસનતંત્રના રોગો, સ્ત્રીરોગ, હોર્મોન્સ અને ડાયાબિટીસની સારવાર કિડની અને મૂત્રમાર્ગના રોગો, પેટ અને પાચનના રોગો, સાંધાના રોગો



HOMEO CARE

ડો. જીતેન્દ્ર પટેલ (BHMS)

સંસ્કાર હોમિયો કેર
લાઈફલાઈન કોર્નર સામે,
માણેકપરા અમરેલી
MO.9998362335


### રૂપિયા ૩.૧૦ લાખ લઈને નાસી જતાં ફરિયાદ

## ધારી : આંબરડી સફારી પાર્ક નજીક આવેલ લિયોનીયા હેરીટેઝનાં મેનેજર રફુચક્કર

### હેરીટેઝનાં ભાગીદારે સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૧૮

ધારી નજીક આંબરડી સફારી પાર્ક પાસે આવેલ લિયોનીયા હેરીટેઝ રીસોર્ટમાં મેનેજર તરીકે કામ કરતા પરપ્રાંતિય ઈસમે ગત તા.૧૬ ના રોજ આશરે રાત્રે ૨ વાગ્યાથી સવારના ૪ વાગ્યાના સમય દરમ્યાન લિયોનીયા હેરીટેઝ રીસોર્ટના કેશ કાઉન્ટરના ટેબલના ખાનામાં રાખવામાં આવેલ રૂા.૧,૫૦,૦૦૦ તેમજ અન્ય કર્મચારીઓએ સાચવવા માટે આપેલ રૂા.૬૦,૦૦૦ રકમ તેમજ રિસોર્ટનાના પાર્ટનરે ઉપાડ પેટે આપેલ રૂા. ૧,૦૦,૦૦૦ મળી કુલ રકમ રૂા.૩,૧૦,૦૦૦ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી અને રૂપિયા લઈ નાશી ગયાની ફરિયાદ ધારી પોલીસમાં નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં ખાંભા તાલુકાના રૂગનાથપુર ગામે રહેતા અને હાલ ધારી નજીક આવેલ આંબરડી સફારી પાર્ક પાસે લિયોનીયા હેરીટેઝ રીસોર્ટ બનાવી ભાગીદારીમાં વ્યવસાય કરતાં હસમુખભાઈ હરદાસભાઈ વેકરીયાના લિયોનીયા હેરીટેઝ રીસોર્ટમાં મેનેજર તરીકે કામ કરતા ઉતરાખંડના વતની નિખીલેશ કુકરેટી નામનાં ઈસમે ગત તા.૧૬ ના રોજ આશરે રાત્રે ૨ વાગ્યાથી સવારનાં ૪ વાગ્યાનાં સમય દરમ્યાન લિયોનીયા હેરીટેઝ રીસોર્ટના કેશ કાઉન્ટરના ટેબલના ખાનામાં રાખવામાં આવેલ પોતાની મેનેજર તરીકેની જવાબદારી વાળા રૂા.૧,૫૦,૦૦૦ તેમજ અન્ય આ રિસોર્ટના કર્મચારી પંકજદાસ નીખીલેશભાઈએ આરોપીએ સાચવવા આપેલ રૂા. ૬૦,૦૦૦ રકમ તેમજ રિસોર્ટના પાર્ટનરે ઉપાડ પેટે આપેલ રકમ રૂા. ૧,૦૦,૦૦૦ મેળી લઈ કુલ રકમ રૂા.૩,૧૦,૦૦૦ ની રકમ આ કામનાં આરોપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી અને રૂપિયા લઈ નાશી ગયાની ફરિયાદ હસમુખભાઈ હરદાસભાઈ વેકરીયાએ પોલીસમાં નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## સુપ્રસિધ્ધ શિવકથાકાર ગીરીબાપુ કરાવશે કથાનું રસપાન

# બાબરા : વલારડી ખાતે ૧૯ થી ૨૭ માર્ચ સુધી યોજાશે શિવકથા

**પોથીયાત્રા, ગંગા સામૈયા અને રાત્રિનાં સંતવાણી સહિતનાં અનેકવિધ કાર્યક્રમો પણ યોજાશે**

**શિવભક્તોની સુવિધા અર્થે વિશાળ ડોમ, એલઈડી સ્ક્રીન સહિતની વ્યવસ્થા કરાઈ**

**બહારગામથી પધારનાર શિવભક્તો માટે દિવ્ય ભવનનું નિર્માણ કરાયુ**

**સમગ્ર જિલ્લા ઉપરાંત તમામ શિવભક્તોને શિવકથાનો લાભ લેવા આયોજકો દ્વારા અનુરોધ**












તસ્વીર : પંકજ ઈન્ડોડીયા–બાબરા

બાબરા, તા. ૧૮

બાબરા તાલુકાના વલારડી ગામે સુરાપુરા દાદાની દિવ્ય પ્રેરણાથી દિવ્યધામ વલારડી દ્વારા તા. ૧૯ માર્ચથી તા. ૨૭ માર્ચ સુધી ભવ્ય અને દિવ્ય શિવકથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. પરમ પૂજય ગીરીબાપુ વ્યાસપીઠે બિરાજમાન રહી પોતાના સુમધુર સ્વરમાં ભગવાન શિવના મહિમાનું રસામૃત ભકતોને પાન કરાવશે. દરરોજ બપોરે ૩ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી કથાનું આયોજન કરવામાં આવ્યું છે.

શિવકથાના પાવન આયોજન પૂર્વે દિવ્યધામ દ્વારા ભવ્ય જળયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જળયાત્રા સુરાપુરા દાદાના મંદિરેથી શરૂ થઈ વેરાઈ માતાજીના મંદિર સહિત પવિત્ર સ્થળોએ ફરી પૂજન–અર્ચન સાથે પૂર્ણ થઈ હતી. મોટી સંખ્યામાં ભકતો જોડાતા સમગ્ર વિસ્તારમાં ભકિતમય માહોલ સર્જાયો હતો.

તા. ૧૯ માર્ચના રોજ સવારે ૯ વાગ્યે વલારડી ગામથી દિવ્યધામ સુધી ગંગાજીના સામૈયાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ સુરાપુરા દાદાના મંદિરેથી કથા સ્થળ સુધી ભવ્ય અને દિવ્ય પોથીયાત્રા યોજાશે, જેમાં સમસ્ત વઘાસિયા પરિવાર, ગામજનો અને સાધુ–સંતો મોટી સંખ્યામાં જોડાશે.

કથાના પ્રસંગે ભકતો શાંતિપૂર્વક બેસી કથાનું શ્રવણ કરી શકે તે માટે વિશાળ ડોમ, એલઈડી સ્ક્રીન સહિતની આધુનિક વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. બહારગામથી આવતા મહેમાનો માટે ઉતારા માટે દિવ્ય ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેનું લોકાર્પણ તા. ૧૯ માર્ચના રોજ પૂજય ગીરીબાપુના શુભ હસ્તે કરવામાં આવશે. સાથે દિવ્યધામ ખાતે મેડિકલ સુવિધા સાથેનું મેડિકલ હેલ્થ સેન્ટર પણ શરૂ કરવામાં આવ્યું છે, જેનું લોકાર્પણ પણ એ જ દિવસે થશે.

શિવકથા દરમિયાન સતી પ્રાગટય અને શિવ વિવાહની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. એક વિશાળ ડોમમાં બાર જયોતિર્લિંગની આકર્ષક ઝાંખી દર્શાવતા ફલોટ તૈયાર કરવામાં આવ્યા છે તેમજ ભગવાન શિવની વિશાળ પ્રતિમા ભકતો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.

આ ધાર્મિક મહોત્સવને સાંસ્કૃતિક રંગ આપવા દરરોજ રાત્રે ભવ્ય સંતવાણી અને લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજભા ગઢવી, અલ્પા પટેલ, ભગવતીબેન ગોસ્વામી, ઓસમાણ મીર સહિતના જાણીતા કલાકારો પોતાની કલાથી શ્રોતાઓને ઝૂમાવશે. ઉપરાંત શિવનો સંદેશ અને શિવશકિતની ઝાંખી જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો મનીષભાઈ વઘાસિયા અને નીતિન આર્ટ ગ્રુપ દ્વારા રજૂ કરવામાં આવશે.

કથાના પ્રસંગે ભકતોને મહાપ્રસાદનો લાભ મળી રહે તે માટે વિશાળ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે, જયાં મોટી સંખ્યામાં ભકતો એકસાથે મહાપ્રસાદ ગ્રહણ કરી શકે તેવી સુવિધા કરવામાં આવી છે. વાહન પાર્કિંગથી લઈને કથા સ્થળ સુધી સુંદર અને સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે.

હાલ શિવકથાના મંગળ પ્રારંભને ગણતરીના કલાકો બાકી રહ્યા હોય દિવ્યધામ વલારડીના તમામ આગેવાનો અને સેવકો દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે અને સમગ્ર વિસ્તારમાં ભકિત અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, હિરકધામ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦







**WALK IN INTERVIEW**

જનરલ ઓફીસ એડમીનીસ્ટ્રેશન માટે સ્ટાફ જોઇએ છે

GENERAL WEB MANAGEMENT
MULTIMEDIA
(WHATS APP BUSINESS, TWEETER, INSTA, TELEGRAM, FACEBOOK, YOU-TUBE)
GEM PORTAL CORRESPONDENCE
E-MAIL CORRESPONDENCE
GENERAL ACCOUNTING (TALLY – MIRACLE)
IT RETURNS (I-TEX)
PAN CARD APPLICATION
E-STAMP PORTAL
CSC PORTAL
IRCTC RAILWAY TICKET PORTAL
MUTUAL FUND MANAGEMENT
INSURANCE PORTAL

B.Com., Microsoft Office, Tally, English Language, EPFO No., UAN No.

SALARY : Rs. 40 / Hour (Starting) + EPF | TIME : MONDAY to SATURDAY 8:45 AM to 1:45 PM - 2:45 PM to 7:45 PM

MAHAJAN TELNET LLP.
E-mail : info@mahajantelnet.com
Web : www.mahajantelnet.com
95 86 86 86 45















### ઈઝરાયલના ભારત સ્થિત રાજદૂતનું નિવેદન

# ઈરાન સામેનું યુદ્ધ ક્યારે પૂરું થશે તેનો ચોક્કસ સમય ના આપી શકાય

## ઈરાની શાસનની સૈન્ય, પરમાણુ અને મિસાઈલ ક્ષમતાને નષ્ટ કરવી તે મધ્ય પૂર્વ અને ભારત બંનેના હિતમાં છે : ઈઝરાયલના રાજદૂત રુવેન અઝાર

નવી દિલ્હી, તા.૧૮

ઈરાન અને ઈઝરાયલ-અમેરિકા અને ઈરાનનું યુદ્ધનો ક્યારે અંત આવશે તેની દુનિયાભરના દેશ રાહ જોઈ રહ્યા છે. અનેક દેશોમાં ક્રૂડ ઓઈલનો પુરવઠો વત્તે-ઓછે અંશે ખોરવાઈ જવાની ભીતિ સર્જાઈ રહી છે. ત્યારે ૧૮ માર્ચના રોજ ભારત સ્થિત ઈઝરાયલના રાજદૂત રુવેન અઝારે જણાવ્યું છે કે 'ઈરાન સામે ચાલી રહેલા યુદ્ધના અંત માટે હાલમાં કોઈ સમયમર્યાદા આપવી અશક્ય છે.' એક અનૌપચારિક મીડિયા બ્રીફિંગમાં તેમણે ચેતવણી આપી હતી કે 'જ્યાં સુધી ઈરાનમાં આ ક્રૂર શાસકો સત્તામાં છે, ત્યાં સુધી મધ્ય પૂર્વમાં અનિશ્ચિતતા યથાવત્ રહેશે. ઈરાની શાસનની સૈન્ય, પરમાણુ અને મિસાઈલ ક્ષમતાને નષ્ટ કરવી તે મધ્ય પૂર્વ અને ભારત બંનેના હિતમાં છે.'

આ વિશે વધુ વિગત આપતા રાજદૂત અઝારે કહ્યું કે, 'ઈરાન સામેની વર્તમાન સૈન્ય કાર્યવાહી હેઠળ અમે ઈરાની શાસનની સૈન્ય અને નેતૃત્વ, એ બંને ક્ષમતાને નબળી પાડી દીધી છે. જો કે, અપેક્ષા મુજબ, ઈરાન પોતાની શક્તિ બમણી કરી રહ્યું છે અને વળતો પ્રહાર કરી રહ્યું છે. યુદ્ધના અંત માટે ચોક્કસ સમય આપવો શક્ય નથી, પરંતુ ઈઝરાયલ અને અમેરિકા તેમના નિર્ધારિત લક્ષ્યો હાંસલ કરશે તે વાતમાં કોઈ જ શંકાને સ્થાન નથી.'

આખરે ઈરાન પર હુમલો કેમ કર્યો. તે પ્રકારના પ્રશ્નનો જવાબ આપતા રાજદૂત અઝારે દાવો કર્યો હતો કે, 'ઈઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર હુમલો કર્યો હતો કારણ કે, ઈઝરાયલને 'વિશ્વસનીય ગુપ્ત માહિતી' મળી હતી કે ઈરાની શાસન તેના પરમાણુ અને મિસાઈલ હથિયારો ફરીથી બનાવી રહ્યું છે. ગયા જૂનમાં સફળ હુમલા બાદ ઈરાનનો પરમાણુ કાર્યક્રમ અને મિસાઈલ ક્ષમતા નોંધપાત્ર રીતે ઘટી ગઈ હતી. જો કે, અમને જાણવા મળ્યું કે ઈરાન નવા પરમાણુ વિસ્ફોટકો મેળવવાની અણી પર હતું.' અઝારે ભારપૂર્વક કહ્યું હતું કે, 'અમને મળેલી ગુપ્ત માહિતી પ્રમાણે ઈરાને પરમાણુ શસ્ત્રો અને મિસાઈલો રાખવા માટે અનેક સ્થળે ખોદકામ શરૂ કર્યું હતું, જે અમેરિકા કે અન્ય દેશોના હુમલા સામે ટકી શકે તે રીતે તૈયાર કરાઈ હતી. પરમાણુ સજ્જ ઈરાન ઈઝરાયલના અસ્તિત્વ માટે ખતરો છે. તેથી ઈઝરાયલ માટે આ અસ્તિત્વ ટકાવી રાખવાની લડાઈ છે.' આ દરમિયાન તેમણે ઈરાનની સૈન્ય ક્ષમતાની વાત કરતા કહ્યું કે, 'ઈઝરાયલ પર ઈરાનના હુમલામાં ૧૯ નાગરિકોના મોત થયા છે, અનેકને ઈજા થઈ છે. આમ છતાં, ઈરાનના વળતા પ્રહારનું પ્રમાણ ધારણા કરતા ઓછું હતું. અમે ઈરાન તરફથી મોટા પ્રતિસાદની અપેક્ષા રાખતા હતા. તે બાબતે અમે સકારાત્મક રીતે આશ્ચર્યચકિત છીએ.'

બીજી તરફ, આયતુલ્લાહ અલી ખામેનેઈના મૃત્યુ સહિત ભારે નુકસાન સહન કરવા છતાં ઈરાન છેલ્લા ત્રણ સપ્તાહથી ઈઝરાયલ-અમેરિકા સામે ટકી રહ્યું છે. ઓછી ક્ષમતા સાથે કામ કરવા છતાં ઈરાન ડ્રોન અને મિસાઈલો વડે આરબ રાષ્ટ્રોમાં અમેરિકાના હિતોને નિશાન બનાવી રહ્યું છે. ક્રૂડ ઓઈલ અને ગેસની માળખાગત સુવિધાઓ પર પણ હુમલા કરી રહ્યું છે. હોર્મુઝની ખાડીમાંથી પણ ઓઈલ ટેક્રરોનો રસ્તો રોકી રહ્યું છે. આ રીતે તે વૈશ્વિક ઓઈલ પુરવઠામાં પણ વિક્ષેપ પાડી રહ્યું છે, જે સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય છે.

આ વિશે સવાલ કરતા રાજદૂત અઝારે કબૂલ્યું હતું કે હોર્મુઝ ખાડી વિસ્તારમાં ઈઝરાયલનું કોઈ નિયંત્રણ નથી. એશિયાના ઓઈલ અને ગેસ પુરવઠામાં તોડફોડના જોખમને પણ અમે સ્વીકારીએ છીએ. જો કે, અમને વિશ્વાસ છે કે અમેરિકા આ માર્ગને સુરક્ષિત કરવામાં સફળ રહેશે.

ઈઝરાયલના ભારત સ્થિત રાજદૂત રુવેન અઝારે ભારપૂર્વક જણાવ્યું હતું કે હોર્મુઝની ખાડીમાં અસ્થિરતાને કારણે સર્જાયેલા ઊર્જા ક્ષમતાના પડકારોનો સામનો કરવા ઈઝરાયલ ભારતને સંપૂર્ણ સહયોગ આપવા તૈયાર છે. વૈકલ્પિક વેપાર માર્ગો શોધવાના ભારતના પ્રયાસોને અમે સમર્થન આપીએ છીએ. અમારું માનવું છે કે ઈરાનમાં 'ઝડપી શાસન પરિવર્તન' આખરે ભારતીય વેપાર અને ખાડી દેશોમાં રહેતા ૧૦ મિલિયન ભારતીય નાગરિકોની સુરક્ષા માટે ફાયદાકારક રહેશે. ઈરાનમાં દેશવ્યાપી ઈન્ટરનેટ બંધ હોવા છતાં રાજદૂત અઝારે એક ગુપ્તચર અહેવાલનો પણ ઉલ્લેખ કર્યો હતો. તે અહેવાલોના આધારે અઝારે દાવો કર્યો હતો કે, 'ઈરાનના શાસન સામે વિરોધની લહેર વધી રહી છે. સુપ્રીમ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના સેક્રેટરી અલી લારીજાનીના મૃત્યુના સમાચાર પછી ઈરાનના નાગરિકો ઉત્સવ મનાવી રહ્યા હતા. આ અહેવાલો ઈઝરાયલ સુધી પહોંચી ગયા છે.

---

### વિલંબ સામે જનતામાં રોષ

# શિયાળબેટમાં ક્ષતિગ્રસ્ત સમુદ્રી કેબલ માટે ૩૦ કરોડ મંજૂર

## જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ટાપુ પર વાવાઝોડાને કારણે સમુદ્રી કેબલને ભારે નુકસાન થયું હતું

નવી દિલ્હી, તા.૧૮

મે ૨૦૨૧માં ત્રાટકેલા વિનાશક તાઉતે વાવાઝોડાએ સૌરાષ્ટ્રના દરિયાકાંઠે જે તબાહી મચાવી હતી, તેના નિશાન આજે પણ વર્તાય છે.

ખાસ કરીને અમરેલીના જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ટાપુ પર વાવાઝોડાને કારણે સમુદ્રી કેબલને ભારે નુકસાન થયું હતું, જેના પરિણામે ૩-ફેઝ વીજ પુરવઠો સાવ ખોરવાઈ ગયો હતો. આશ્ચર્યની વાત એ છે કે, લોકોની પ્રાથમિક જરૂરિયાત ગણાતી વીજળી માટે સરકારને જાગતા આશરે ૫ વર્ષ જેટલો લાંબો સમય લાગ્યો છે.

તાજેતરમાં જ રાજ્ય સરકારે શિયાળબેટમાં વીજ પુરવઠો સુનિશ્ચિત કરવા માટે રૂ. ૩૦.૧૪ કરોડની રકમ મંજૂર કરી છે. જોકે, સ્થાનિકોમાં ચર્ચા છે કે અનેક રજૂઆતો પછી પણ જે કામ ન થયું, તે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને વિધાનસભાની તૈયારીઓ વચ્ચે અચાનક કેવી રીતે શક્ય બન્યું? ૧૯૯૮ પછીના સૌથી મજબૂત ગણાતા તાઉતે વાવાઝોડા બાદ શિયાળબેટના માછીમારો અને ગ્રામજનો અંધકારમય સ્થિતિમાં જીવવા મજબૂર હતા.

એક તરફ ભાજપના કાર્યકરો અને સમર્થકો આ નિર્ણય બદલ ઉર્જા મંત્રી અને સ્થાનિક ધારાસભ્યનો આભાર માની રહ્યા છે, તો બીજી તરફ સામાન્ય જનતામાં ભારે કચવાટ જોવા મળી રહ્યો છે. કેટલાકનું કહેવું છે કે, જે સુવિધા યુદ્ધના ધોરણે મળવી જોઈતી હતી, તેના માટે વર્ષો સુધી રાહ જોવડાવવી તે વરવી વાસ્તવિકતા છે.આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ શિયાળબેટ ટાપુને સ્થિર ૩-ફેઝ વીજ પુરવઠો મળતો થશે. આ સુવિધાથી માત્ર માછીમારી ઉદ્યોગને જ નહીં, પરંતુ શિક્ષણ, આરોગ્ય અને દૈનિક જીવનસ્તરમાં પણ મોટો સુધારો આવશે તેવી આશા સેવાઈ રહી છે. હવે જોવાનું એ રહે છે કે આ મંજૂર થયેલી રકમથી કામ કેટલી ઝડપે પૂર્ણ થાય છે.

---

### લગ્નથી લઈને લિવ-ઈન સુધીના નિયમો બદલાશે

# ગુજરાતમાં સમાન નાગરિક સંહિતાને કેબિનેટની મંજૂરી

## મિલકતના વારસા હક બાબતે UCC ઐતિહાસિક પરિવર્તન લાવશે અત્યાર સુધી અલગ-અલગ ધર્મોમાં વારસાના નિયમો જુદા હતા

અમદાવાદ,તા.૧૮

ગુજરાત સરકાર હવે ઉત્તરાખંડના માર્ગે ચાલીને રાજ્યમાં યુનિફોર્મ સિવિલ કોડ (UCC) લાગુ કરવા માટે સજ્જ થઈ ગઈ છે. તાજેતરમાં મળેલી કેબિનેટ બેઠકમાં UCC બિલના ડ્રાફ્ટને સત્તાવાર મંજૂરી આપી દેવામાં આવી છે. આ નવા કાયદાનો મુખ્ય ઉદ્દેશ્ય તમામ ધર્મો અને જ્ઞાતિઓ માટે લગ્ન, છૂટાછેડા અને વારસા જેવા વ્યક્તિગત વિષયોમાં સમાનતા લાવવાનો છે. બધાને એક જ લગ્નનો નિયમ લાગુ થશે. કુલ ૨ ભાગ અને ૭ પ્રકરણોમાં વહેંચાયેલા આ ડ્રાફ્ટમાં લગ્નની નોંધણીને ફરજિયાત બનાવવામાં આવી છે. જોકે, નોંધણી વગર લગ્ન અમાન્ય નહીં ગણાય, પરંતુ નિયત સમયમાં રજિસ્ટ્રેશન ન કરાવનાર પક્ષકારોને દંડની જોગવાઈનો સામનો કરવો પડશે.નવા કાયદા હેઠળ છૂટાછેડાની પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવામાં આવી છે. સામાજિક સ્થિરતા જાળવવા માટે એક મહત્ત્વનો નિર્ણય લેવાયો છે કે લગ્ન થયાના એક વર્ષની અંદર કોઈપણ પક્ષ છૂટાછેડા માટે અરજી કરી શકશે નહીં. પરસ્પર સંમતિથી અલગ થવાની પ્રક્રિયાને સરળ બનાવાઈ છે, પરંતુ સાથે જ બાળકોની કસ્ટડી અને ભરણપોષણ બાબતે માનવીય અભિગમ રાખવામાં આવ્યો છે. બાળકોના હિતોનું રક્ષણ થાય તે માટે કાયદામાં સંતુલિત અને કડક જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેથી વિખૂટા પડતા દંપતીના સંતાનો નિરાધાર ન બને.લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા યુગલો માટે આ કાયદો ખૂબ જ મહત્વનો સાબિત થશે. હવેથી આવા સંબંધોમાં રહેતા કપલે સ્થાનિક રજિસ્ટ્રાર પાસે તેની ફરજિયાત નોંધણી કરાવવી પડશે. સૌથી મોટી રાહતની વાત એ છે કે લિવ-ઈન સંબંધોથી જન્મેલા બાળકોને કાયદેસરની માન્યતા મળશે અને તેમને પિતાની મિલકતમાં તમામ હકો પ્રાપ્ત થશે. જો કોઈ વ્યક્તિ લિવ-ઈનની માહિતી છુપાવશે અથવા ખોટી વિગતો આપશે, તો તેને જેલવાસ અથવા આકરા દંડની સજા થઈ શકે છે. સંબંધ પૂરો કરવા માટે પણ રજિસ્ટ્રારને જાણ કરવી અને સર્ટિફિકેટ મેળવવું આવશ્યક રહેશે.

મિલકતના વારસા હક બાબતે UCC ઐતિહાસિક પરિવર્તન લાવશે. અત્યાર સુધી અલગ-અલગ ધર્મોમાં વારસાના નિયમો જુદા હતા, પરંતુ હવે ધર્મ કે જાતિના ભેદભાવ વગર પુત્ર અને પુત્રી બંનેને મિલકતમાં સમાન અધિકાર મળશે. વસિયતનામું (Will) બનાવવાની પ્રક્રિયાને વધુ સરળ બનાવવામાં આવી છે જેથી ભવિષ્યમાં વારસદારો વચ્ચે કાયદાકીય વિવાદો ન સર્જાય. આ પગલાથી ખાસ કરીને મહિલાઓને આર્થિક સુરક્ષા અને સમાનતાનો હક મળશે, જે સામાજિક ન્યાયની દિશામાં મોટું કદમ છે.

UCC લાગુ કરતી વખતે રાજ્ય સરકારે સામાજિક વિવિધતાનું પણ ધ્યાન રાખ્યું છે. અનુસૂચિત જનજાતિ (ST) અને કેટલાક વિશિષ્ટ સમુદાયોને આ કાયદાની અમુક જોગવાઈઓમાંથી મુક્તિ આપવામાં આવી છે, જેથી તેમની પરંપરાગત પ્રથાઓ અને સંસ્કૃતિ અકબંધ રહે. જો વિધાનસભામાં આ બિલ પસાર થઈ જશે, તો ઉત્તરાખંડ પછી ગુજરાત દેશનું બીજું એવું રાજ્ય બનશે જ્યાં સમાન નાગરિક સંહિતા લાગુ હોય. આગામી ૨૫ માર્ચના રોજ વિધાનસભામાં આ મુદ્દે વિસ્તૃત ચર્ચા થવાની શક્યતા છે, જે ગુજરાતના કાયદાકીય ઈતિહાસમાં એક નવો અધ્યાય લખશે. બીજી તરફ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અગાઉ યુસીસીનો મુદ્દો માસ્ટર સ્ટ્રોક ગણાઈ રહ્યો છે.

યુનિફોર્મ સિવિલ કોડ એટલે શું?

- હાલ લગ્ન અને તલાકમાં ધર્મ મુજબ નિયમો છે. યુસીસી લાગુ થયા બાદ બધાને એક નિયમ લાગુ પડશે.
- પુત્ર અને પુત્રીને વારસામાં સમાન હક મળશે.
- લિવ ઈન સંબંધોને પણ કાનૂની રીતે નોંધાવવા પડશે.

---

### મલ્લિકાર્જુન ખડગેની પીએમ મોદીએ પ્રશંસા કરી

# મોદીએ રાજ્યસભામાંથી વિદાય લેતા સંસદ સભ્યોને સંબોધન કર્યું

## મલ્લિકાર્જુન એક અનુભવી નેતા છે, જેમણે તેમના જીવનનો અડધાથી વધુ સમય સંસદીય કાર્યવાહીમાં સમર્પિત કર્યો છે : મોદી

નવી દિલ્હી, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બુધવારે રાજ્યસભામાંથી વિદાય લેતા સંસદ સભ્યોને સંબોધન કર્યું હતું. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, ભૂતપૂર્વ વડા પ્રધાન એચ.ડી. દેવેગૌડા અને એનસીપીના શરદ પવારનો ખાસ ઉલ્લેખ કર્યો. પીએમ મોદીએ જણાવ્યું કે, આ બધા સભ્યોએ સંસદમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. તેમણે કહ્યું કે, આ એવા અનુભવી નેતાઓ છે, જેમણે સંસદીય પ્રણાલીમાં અડધાથી વધુ જીવન સમર્પિત કર્યું છે. નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ એક એવા ગુણ છે જે આપણે બધાએ આ વરિષ્ઠ નેતાઓ પાસેથી અનુસરવા જોઈએ. "હું તેમના યોગદાનની હૃદયપૂર્વક પ્રશંસા કરું છું, કારણ કે આટલો લાંબો કાર્યકાળ સંસદમાં વિતાવવો એ કોઈ નાનીસુની વાત નથી. પીએમ મોદીએ ઉમેર્યું કે આ ગૃહમાં અસંખ્ય મુદ્દાઓ પર ચર્ચા થાય છે, અને દરેક વ્યક્તિ આ ચર્ચાઓમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. આ પ્રક્રિયામાં, વ્યક્તિને કડવા અને મીઠા બંને અનુભવોનો સામનો કરવો પડે છે. જો કે, જ્યારે આવો પ્રસંગ આવે છે, ત્યારે આપણા માટે પક્ષ રેખાઓથી ઉપર ઉઠવું સ્વાભાવિક છે. આપણા બધામાં એક સહિયારી લાગણી ઉદ્ભવે છે – કે આપણા સાથીઓ હવે અન્ય મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવવા માટે આગળ વધી રહ્યા છે. વડાપ્રધાને તેમના સંબોધનમાં એમ પણ કહ્યું કે, આજે વિદાય લેનારા સભ્યોમાં, કેટલાક એવી આશા સાથે વિદાય લઈ રહ્યા છે કે, તેઓ ફરીથી પાછા ગૃહમાં આવશે. દરમિયાન, અન્ય લોકો અહીં મેળવેલા અનુભવો પોતાની સાથે લઈ રહ્યા છે, અને તેઓ સમાજ અને જાહેર જીવનમાં અર્થપૂર્ણ યોગદાન આપતા રહેશે. જે સભ્યો વિદાય લઈ રહ્યા છે – અને જેઓ કદાચ ફરીથી આ ગૃહમાં પાછા ના પણ ફરે – તેમને હું કહેવા માંગુ છું કે, રાજકારણમાં, 'પૂર્ણવિરામ' જેવી કોઈ વસ્તુ નથી હોતી.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા, મલ્લિકાર્જુન ખડગેએ રાજ્યસભામાં પોતાના વિદાય સમારંભ પ્રસંગે બોલતા કહ્યું કે, જે લોકો રાજકારણ અને જાહેર જીવનમાં રોકાયેલા છે, રાષ્ટ્રની સેવા કરવાના જુસ્સાથી પ્રેરિત હોય છે તેઓ ક્યારેય થાકતા નથી કે ક્યારેય નિવૃત્તિ લેતા નથી. ભૂતપૂર્વ વડા પ્રધાન અને રાજ્યસભાના સાંસદ એચ.ડી. દેવગૌડા અંગે ખરગેએ કહ્યું કે, "હું દેવેગૌડાજી ને છેલ્લા ૫૪ વર્ષ કરતા પણ વધુ સમયથી ઓળખું છું, અને મેં તેમની સાથે ખૂબ કામ કર્યું છે. જોકે, પછી શું થયું તેની મને ખબર નથી. તેમણે પ્રેમ અમારી સાથે કર્યો, પરંતુ અંતે લગ્ન મોદી સાહેબ સાથે કર્યા." આ કથન સાથે પીએમ મોદી પણ ખડખડાટ હસી પડ્યાં હતા. કારણ કે, ચૂંટણી લડતી વખતે દેવગૌડાએ કોંગ્રેસ સાથે જોડાણ કર્યું હતું. અને પછીથી તેઓ ભારતીય જનતા પાર્ટીની આગેવાનીમાં એનડીએ સાથે જોડાઈ ગયા હતા.

---

### ગુજરાતી વિદ્યાર્થીઓ માટે ખુશખબર

# કેનેડામાં જોબ ઓફર સાથે PRનો જૂનો નિયમ ફરીવાર લાગુ થઈ શકે

## જોબ ઓફર અને વધુ પગારવાળી નોકરીના અનુભવના આધારે એક્સ્ટ્રા પોઈન્ટ્સ આપવા પર વિચારણા

નવી દિલ્હી, તા.૧૮

કેનેડાની કંપની પાસેથી જોબ ઓફર મેળવનારા વિદેશી વર્કર્સ માટે સારા સમાચાર છે. સરકાર એક્સપ્રેસ એન્ટ્રી હેઠળ ફરી એકવાર જોબ ઓફર હોવા પર CRS (Comprehensive Ranking System) પોઈન્ટ્સ આપવા જઈ રહી છે. ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) એ જાહેરાત કરી છે કે, જે વર્કર્સ PR માટે અરજી કરી રહ્યા છે, તેમને જોબ ઓફર અને વધુ પગારવાળી નોકરીના અનુભવના આધારે એક્સ્ટ્રા પોઈન્ટ્સ આપવા પર વિચાર કરવામાં આવી રહ્યો છે. નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૫માં સરકારે જોબ ઓફર માટે વધારાના પોઈન્ટ્સ આપવાનું બંધ કરી દીધું હતું.

સીઆઈસી ન્યૂઝના અહેવાલ મુજબ, IRCC દ્વારા હજુ સુધી એ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી કે આ નવા ફેરફારો માટેની ટાઈમલાઈન શું હશે અથવા વિભાગ તેને ક્યારથી લાગુ કરશે. જોકે, એટલું ચોક્કસ કહેવામાં આવ્યું છે કે આ અંગે ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. કેનેડામાં ટેલેન્ટ એટ્રેક્શન સ્ટ્રેટેજી બનાવવામાં આવી છે, જેનો હેતુ દેશમાં પ્રતિભાશાળી લોકોને જાળવી રાખવાનો અને વિશ્વભરમાંથી કુશળ લોકોને આકર્ષવાનો છે. વડાપ્રધાનના વિશેષ સલાહકાર માર્ક કાર્નીએ ગયા વર્ષે જ આ અંગે જાહેરાત કરી હતી. IRCCનો મુખ્ય ઉદ્દેશ્ય એવા લોકોને PR મેળવવામાં મદદ કરવાનો છે જેમની પાસે પહેલેથી જ જોબ ઓફર અને કેનેડિયન વર્ક એક્સપિરિયન્સ છે. ખાસ કરીને એવા વર્કર્સ જેઓ વધુ પગારવાળી નોકરીઓ કરી રહ્યા છે. એકંદરે, સરકાર એવા લોકોને સ્થાયી કરવા માંગે છે જેઓ કેનેડાના લેબર માર્કેટમાં પહેલેથી જ યોગદાન આપી રહ્યા છે. સરકારનું ધ્યાન નીચેના ક્ષેત્રોમાં કામ કરતા લોકો પર વધુ છે. જેમાં હેલ્થકેર (ડોક્ટર, નર્સ વગેરે), એન્જિનિયરિંગ અને સ્કિલ્ડ ટ્રેડ્સ (કુશળ કારીગરો)નો સમાવેશ થાય છે. આ ક્ષેત્રોમાં કામ કરતા લોકોને અનેક રાજ્યોમાં સરેરાશ કરતા વધુ પગાર મળે છે, તેથી તેમને આ નિયમનો મોટો લાભ મળશે. આ ફેરફાર એવા લોકો માટે મોટી જીત સમાન છે જેઓ હાલમાં કેનેડામાં વર્ક પરમિટ પર કામ કરી રહ્યા છે. આમાં વિદેશી કામદારોની સાથે એવા વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે જેઓ પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ (PGWP) પર છે. જે વર્કર્સ પાસે વધુ પગારવાળી જોબની ઓફર હશે, તેમનો ઝઈજી સ્કોર વધશે. આના કારણે તેમને ઈન્વિટેશન ટુ એપ્લાય (ITA) અપેક્ષા કરતા વહેલું મળી જશે. છ મળવાનો અર્થ એ છે કે હવેઁ ઈ મેળવવાની પ્રક્રિયા અંતિમ તબક્કે છે. જો તમે કોઈ પ્રોવિન્શિયલ બોડી દ્વારા પ્રમાણિત ડોક્ટર, નર્સ કે ઈલેક્ટ્રિશિયન હશો, તો તમારાઁ ઈ મેળવવાની શક્યતા અને પ્રાથમિકતા ઘણી વધી જશે.

---

### હું યુદ્ધને સમર્થન નહીં કરું : જો કેન્ટ

# અમેરિકાના એક ઉચ્ચ કક્ષાના અધિકારીએ રાજીનામું આપ્યું

## કેન્ટે જણાવ્યું હતું કે અમેરિકાએ ઇઝરાયલના દબાણ હેઠળ આ યુદ્ધ શરૂ કર્યું હતું અને તેઓ તેનું સમર્થન કરશે નહીં

વોશિંગ્ટન, તા.૧૮

ઈરાન અને અમેરિકા વચ્ચેના સંઘર્ષ વચ્ચે રાષ્ટ્રપતિ ટ્રમ્પને મોટો ઝટકો લાગ્યો છે. એક ઉચ્ચ કક્ષાના અધિકારીએ રાજીનામું આપી દીધું છે, જેમાં ઈરાન સાથે યુદ્ધ કરવા અંગેની તેમની નીતિ પર સવાલ ઉઠાવવામાં આવ્યા છે. યુએસ કાઉન્ટર ટેરરિઝમ સેન્ટરના ડિરેક્ટર જો કેન્ટે રાજીનામું આપી દીધું છે.કેન્ટે ટ્રમ્પને સ્પષ્ટપણે કહ્યું કે મારો અંતરાત્મા કહે છે કે હું ઈરાનમાં ચાલી રહેલા યુદ્ધને સમર્થન કરી શકીશ નહીં. આપણા દેશને ઈરાન તરફથી કોઈ તાત્કાલિક ખતરો નહોતો અને તે સ્પષ્ટ છે કે આપણે ઈઝરાયલ અને તેની શક્તિશાળી અમેરિકન લોબીના દબાણ હેઠળ આ યુદ્ધ શરૂ કર્યું હતું. કેન્ટનું રાજીનામું એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી લશ્કરી સંઘર્ષ વચ્ચે પશ્ચિમ એશિયામાં તણાવ સતત વધી રહ્યો છે. તેમનું રાજીનામું ઈરાન સાથેના સંઘર્ષને કારણે ટ્રમ્પ વહીવટીતંત્રમાંથી સૌથી હાઈ-પ્રોફાઈલ વિદાયમાંથી એક છે.કાઉન્ટર ટેરરિઝમ સેન્ટરના ડિરેક્ટર તરીકે જો કેન્ટે એક મુખ્ય યુએસ ગુપ્તચર એજન્સીનું નેતૃત્વ કર્યું હતું. તેમનો કાર્યભાર રાષ્ટ્ર સામેના આતંકવાદી ખતરાને ઓળખવાનો અને તેનું વિશ્લેષણ કરવાનો હતો. છતાં આ અધિકારીએ જણાવ્યું છે કે, હાલમાં ઈરાન તરફથી અમેરિકા માટે કોઈ ખતરો નથી.જે યુએસ એજન્સી યુએસ સરકારના વિવિધ વિભાગોમાં આતંકવાદ વિરોધી ગુપ્ત માહિતીના સંકલનમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. આમાં ઈન્ટેલિજન્સ કોમ્યુનિટી, પેન્ટાગોન અને કાયદા અમલીકરણ એજન્સીઓનો સમાવેશ થાય છે.ટ્રમ્પ વહીવટમાં જોડાતા પહેલા કેન્ટે રાજકારણમાં કારકિર્દી બનાવવાનો પ્રયાસ કર્યો હતો, વોશિંગ્ટન રાજ્યમાં બે વાર કોંગ્રેસ માટે ચૂંટણી લડી હતી. જોકે, તેમના બંને ચૂંટણી પ્રચાર નિષ્ફળ ગયા. રાજકારણમાં પ્રવેશતા પહેલા તેમણે યુ.એસ. આર્મીમાં 'ગ્રીન બેરેટ' તરીકે સેવા આપી હતી. લશ્કરમાં કામ કર્યા પછી કેન્ટે સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી (CIA) માટે કામ કર્યું. જો કેન્ટના રાજીનામા બાદ ઈરાન સાથેના સંઘર્ષ પ્રત્યે ટ્રમ્પની નીતિ અંગે અમેરિકામાં ચર્ચા વધુ તીવ્ર બનવાની શક્યતા છે.

---

### લોકોને સમજદારીપૂર્વક ઉપયોગ કરવા સરકારની અપીલ

# દેશમાં LPGની અછતની સ્થિતિ બની ચિંતાજનક

## સરકારે ગ્રાહકોને LPGનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની સલાહ આપી અને રસોઈ માટે વૈકલ્પિક સ્ત્રોતોનો ઉપયોગ કરવા જણાવ્યું

નવી દિલ્હી, તા.૧૮

કેન્દ્ર સરકારે કહ્યું હતું કે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ભારતમાં ઉર્જા સંકટ ચિંતાનો વિષય છે. જોકે, સરકારે ગ્રાહકોને ખાતરી આપી છે કે લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (LPG) ના પુરવઠા અંગે ગભરાવાની જરૂર નથી. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ ગ્રાહકોને LPGનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની સલાહ આપી અને રસોઈ માટે વૈકલ્પિક સ્ત્રોતોનો ઉપયોગ કરવાની પણ વાત કરી હતી.લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (LPG) ની સંભવિત અછત અંગે વધતી ચિંતાઓ વચ્ચે કેન્દ્ર સરકારે સોમવારે ઈંધણનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની વિનંતી કરી અને પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વિસ્તૃત કરવાના સંકેત આપ્યા હતા. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ (માર્કેટિંગ અને ઓઈલ રિફાઈનરી) સુજાતા શર્માએ જણાવ્યું હતું કે સ્થાનિક PNG અને CNG ગ્રાહકો હાલમાં સંપૂર્ણ પુરવઠો મેળવી રહ્યા છે જ્યારે કોમર્શિયલ LPGનું વેચાણ પણ આંશિક રીતે ફરીથી શરૂ કરવામાં આવ્યું છે. તેમની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે વૈશ્વિક પુરવઠા દબાણ અને વધતી માંગ વચ્ચે ખાસ કરીને કોમર્શિયલ યુઝર્સ માટે LPG ઉપલબ્ધતા અંગે ચિંતા વધી રહી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે હોટલ, રેસ્ટોરન્ટ અને કેટરિંગ સેવાઓ જેવી કોમર્શિયલ સંસ્થાઓને પીએનજી પર શિફ્ટ કરવાથી ઘરો માટે LPG પુરવઠા પર દબાણ ઓછું કરવામાં મદદ મળી શકે છે. સરકાર શહેરી વિસ્તારોમાં પણ પીએનજીના વધુને વધુ ઉપયોગ માટે પ્રોત્સાહન આપી રહી છે. ગ્રાહકો ઈમેઈલ, ગ્રાહક પોર્ટલ, કોલ સેન્ટર સહિત બહુવિધ ચેનલો મારફતે અથવા સંબંધિત સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (CGD) કંપનીઓનો સંપર્ક કરીને PNG કનેક્શન માટે અરજી કરી શકે છે.CGD કંપનીઓને સલાહ આપવામાં આવી છે કે તેઓ સંભવિત ગ્રાહકોનો સંપર્ક કરે અને અનેક કંપનીઓ આ ફેરફારને પ્રોત્સાહન આપવા માટે ઈન્ટેન્ટિવ આપી રહી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તરણને વેગ આપવાના પ્રયાસમાં કેન્દ્રએ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખીને CGD પ્રોજેક્ટ્સ માટે ઝડપી મંજૂરીઓ માંગી છે. ૧૬ માર્ચ, ૨૦૨૬ ના રોજ લખેલા પત્રમાં સરકારે રાજ્યોને બાકી પાઈપલાઈન અરજીઓ માટે ડીમ્ડ પરવાનગીઓ આપવા અને ૨૪ કલાકની અંદર નવા દરખાસ્તો માટે મંજૂરી સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.રાજ્યોને અપીલ કરવામાં આવી છે કે તેઓ સ્થાનિક અધિકારીઓ દ્વારા કરવામાં આવતા રસ્તાના રિપેરિંગ અને પરવાનગી ચાર્જને માફ કરે. પાઈપલાઈન કાર્ય માટે કામના કલાકો અને ઋતુઓ સંબંધિત નિયમોમાં રાહત આપે અને સંકલન સુધારવા અને અમલીકરણને ઝડપી બનાવવા માટે નોડલ અધિકારીઓની નિમણૂક કરવા પણ વિનંતી કરવામાં આવી છે. પાઈપલાઈન દ્વારા પૂરા પાડવામાં આવતા PNG ને એવા વિસ્તારોમાં LPG સિલિન્ડરોનો વધુ સ્થિર વિકલ્પ માનવામાં આવે છે જ્યાં માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ છે. સરકાર PNG કવરેજને વિસ્તૃત કરવા માટે શહેર ગેસ વિતરણ નેટવર્કનો વિસ્તાર કરી રહી છે.

### ફ્લાઈટ પકડે તે પહેલા જ માસ્ટરમાઈન્ડ જેલ ભેગો

# ભારત વિરુદ્ધ અમેરિકા યુક્રેનનું ખતરનાક પ્રોક્સી વોર

## મ્યાંનમારમાં આતંકી સમૂહોને ડ્રોનની ટ્રેનીંગ માટે ભારત આવેલા અમેરિકી અને યુક્રેની નાગરિકો ઝડપાઈ ગયા

નવી દિલ્હી, તા.૧૮

દેશની રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ એક અમેરિકી અને ૬ યુક્રેની નાગરિકોની ધરપકડ કરી છે. એમની પાસે સૌથી એડવાન્સ યુરોપિયન ડ્રોનનો જથ્થો મળ્યો છે. મીડિયા રિપોર્ટ અનુસાર આ લોકો ભારત સામે મોટા હુમલાની તૈયારી કરી રહ્યાં હતા. તેઓ મિઝોરમના રસ્તે મ્યાનમારના આતંકવાદીઓને ટ્રેનિંગ આપવા માટે આવ્યા હતા. જેથી પૂર્વોત્તરના રાજ્યો અને મ્યાનમારને અશાંત કરી શકાય. રક્ષા એક્સપર્ટ બ્રહ્મા ચેલાની ભારત સામે આને પ્રોક્સીવોર ગણાવી રહ્યાં છે. હિન્દુસ્તાન ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલા એક રિપોર્ટ અનુસાર ૧૩ માર્ચના રોજ આ ધરપકડો મામલે યુક્રેને ભારત સમક્ષ વિરોધ દેખાડ્યો છે.

આ ૬ યુક્રેની દિલ્હી અને લખનઉંથી પકડાયા છે. જ્યારે અમેરિકી નાગરિક મૈથ્યુ એરોન વાન ડાઈકને કોલકત્તા એરપોર્ટ પરથી પકડી લેવાયો હતો. સોમવારે દિલ્હીની એક કોર્ટે આ ૭ લોકોને ૨૭ માર્ચ સુધી NIAની કસ્ટડીમાં મોકલી દીધા છે. બ્રહ્મા ચેલાની આ બાબતને યુક્રેન અને અમેરિકાની પૂર્વોત્તર રાજ્યમાં પ્રોક્સીવોર સાથે સંકળાવી રહ્યાં છે.

એનઆઈએએ કોર્ટને જણાવ્યું છે કે તે ૮ અન્ય યુક્રેનીની શોધખોળ કરી રહી છે. આ ૭ યૂક્રેની અને એક અમેરિકી મળી ૧૫ જણા ટુરિસ્ટ વિઝા પર ગેરકાનૂની રીતે ભારત આવ્યા હતા. તપાસ એજન્સીએ જણાવ્યું છે કે આ લોકો મ્યાનમારમાં ભારત વિરોધી આતંકી ગ્રૂપોને ટ્રેનિંગ આપવા માટે આવ્યા હતા. આ આરોપીઓ ડ્રોન ચલાવવાના માસ્ટર છે.


રિપોર્ટ અનુસાર આ તમામ આરોપીઓ ડ્રોન વોરફેર, ડ્રોન ઓપરેશન અને ડ્રોન એસેમ્બલિંગ અને ટેકનોલોજી જામ કરવાની ટેકનીકો શીખીને આવ્યા હતા. એમનો મુખ્ય ઉદ્દેશ્ય એ મ્યાનમારમાં ભારત વિરોધી આતંકવાદી જૂથોને ટ્રેનિંગ આપવાનો હતો. અહેવાલો અનુસાર, NIA અધિકારીઓએ જણાવ્યું હતું કે પકડાયેલા છ યુક્રેનિયનોના નામ હર્બા પેટ્રો, સ્લિવિયાક ટારાસ, ઈવાન સુકમાનોવ્સ્કી, સ્ટીફન મારિયન, હોનચારુક મેક્સીમ અને કામિન્સ્કી વિક્ટર છે.NIA કોર્ટમાં રજૂ કરાયેલા દસ્તાવેજો અનુસાર, NIA એ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૬૭ ની કલમ ૧૮ હેઠળ કેસ નોંધ્યો છે, જેમાં કાવતરું ઘડવા, આતંકવાદી કૃત્ય કરવા માટે આગ્રહ કરવા, સહાય પૂરી પાડવા અથવા ઉશ્કેરણી કરવાના કૃત્યોનો સમાવેશ થાય છે.

એનઆઈએ કોર્ટમાં રજૂ કરેલા દસ્તાવેજોમાં જણાવ્યું છે કે આરોપીઓ અલગ અલગ તારીખોએ ટુરિસ્ટ વિઝા પર ભારતમાં આવ્યા હતા અને ત્યારબાદ ગુવાહાટી પહોંચ્યા હતા. ત્યારબાદ, તેઓ ત્યાંથી મિઝોરમ ગયા, કોઈ માન્ય દસ્તાવેજો વિના, જેમ કે પ્રતિબંધિત વિસ્તાર પરમિટ અથવા સંરક્ષિત વિસ્તાર પરમિટ તેમની પાસે હતી જ નહીં. ત્યાંથી તેઓ ગેરકાયદેસર રીતે મ્યાનમારમાં પ્રવેશ્યા, જ્યાં તેમની પાસે મ્યાનમારના સશસ્ત્ર જૂથો (EAGs) ને ડ્રોન તાલીમ આપવાની પૂર્વ-નિર્ધારિત યોજના હતી. આ જ જૂથ ભારતમાં કાર્યરત આતંકવાદી સંગઠનોને સહાય પૂરી પાડે છે.

### પીજીવીસીએલ ટીમનું માનવતાવાહી કાર્ય

# દામનગરમાં વીજપોલ પર ચડી ગયેલ બિલાડાને ક્રેઈનની મદદથી બચાવી લેવાયો

### ૨૦ મિનિટની જહેમત બાદ કાર્ય સફળ થયું



દામનગર, તા. ૧૮

સતત ચોવીશ કલાક કામગીરી કરતાં પીજીવીસીએલ દામનગરનાં કર્મચારીઓએ અહીંનાં સીતારામનગર વિસ્તારમાં એક ઈલે.થાંભલા ઉપર બિલાડો ચડી ગયાની જાણ બોર્ડની ઓફિસે કરાતાં કર્મચારીઓ બનાવનાં સ્થળ પર પહોંચી જઈને અંદાજે ચાર કલાકથી વધુ સમયથી થાંભલાની ઉપર ચડીને બેસી ગયેલ, અહીંનાં રહેવાસીઓએ જોઈ જતાં, નીચે ઉતારવા માટે ક્રેઈનની મદદથી કર્મચારી એમ.બી.ડાંગર અને તેમની સાથેનાં સ્ટાફે વિશ મિનિટની ભારે જહેમત બાદ નીચે ઉતારી લેતાં દરેકે હાશકારો અનુભવ્યો હતો, અને કર્મચારીઓનો આભાર માન્યો હતો. રિપેરીંગ અને વિદ્યુતને લગતી કામગીરી કરતાં કર્મચારીઓએ એક પ્રાણીનો જીવ બચાવવામા પણ પ્રયત્ન કરવામાં સફળતા મેળવતા અભિનંદન વરસી રહ્યાં છે.

### શહેરના વિકાસ સાથે નગરજનોનો વિશ્વાસ જીત્યો

# બાબરા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકરની અઢી વર્ષની મુદત પૂર્ણ

### રાજય સરકાર, લોકપ્રતિનિધિઓ અને પાલિકા ટીમનાં સહકારથી અનેક વિકાસકાર્યો શકય બન્યા

બાબરા, તા.૧૮

બાબરા શહેરના નગરપાલિકા પ્રમુખ તરીકે અઢી વર્ષની કાર્યમુદત પૂર્ણ થતા પ્રમુખ પ્રવીણભાઈ કરકરે શહેરના નગરજનો, મતદાર ભાઈઓ – બહેનો તેમજ નગરપાલિકાના તમામ સભ્યોનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો. આ અવસરે તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન શહેરના વિકાસ માટે કરાયેલા વિવિધ કાર્યો અંગે સંતોષ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે નગરજનોના વિશ્વાસ અને સહકારથી બાબરા શહેરના વિકાસને નવી દિશા આપવામાં સફળતા મળી છે.

પ્રમુખ પ્રવીણભાઈ કરકરે જણાવ્યું હતું કે તેમના કાર્યકાળ દરમિયાન શહેરમાં પ્રાથમિક સુવિધાઓ મજબૂત બનાવવાનો મુખ્ય ધ્યેય રાખવામાં આવ્યો હતો. પાણી, રસ્તા, સ્ટ્રીટ લાઈટ જેવી જરૂરી સુવિધાઓને પ્રાથમિકતા આપીને શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ – રસ્તાના વિકાસ સહિતના અનેક કામો કરવામાં આવ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા અઢી વર્ષ દરમિયાન નગરપાલિકાના તમામ સભ્યોનો સારો સહકાર મળ્યો હતો અને ટીમ પાલિકા તરીકે સૌએ મળીને શહેરના વિકાસ માટે કામ કર્યું હતું. વિકાસના દિશામાં આગળ વધતા બાબરા નગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૬ – ૨૭ માટે પણ શહેરના સુખાકારી અને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપે તેવું લોકહિતલક્ષી બજેટ રજૂ કરવામાં આવ્યું છે.બાબરા શહેરના વિકાસમાં રાજય સરકાર તરફથી પણ પૂરતો સાથ સહકાર મળ્યો હતો. વિવિધ વિકાસકાર્યો માટે રાજય સરકાર દ્વારા જરૂરી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. રાજયના ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરિયા, સાંસદ ભરતભાઈ સુતરિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીનો સતત માર્ગદર્શન અને સહકાર મળ્યો હતો. ખાસ કરીને ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ શહેરના વિકાસકાર્યોમાં અંગત રસ લઈ માર્ગદર્શન આપતા બાબરા શહેરને નવી અને આધુનિક સુવિધાઓથી સજ્જ નગરપાલિકા કચેરી મળવા સાથે અનેક



વિકાસકાર્યોને ગતિ મળી હતી.

અંતમાં પ્રમુખ પ્રવીણભાઈ કરકરે જણાવ્યું હતું કે તેમની કાર્ય મુદત દરમિયાન શહેરના વિકાસ માટે સામાજિક આગેવાનો, રાજકીય આગેવાનો તેમજ સામાન્ય નાગરિકોનો મળેલો સહકાર અવિસ્મરણીય રહ્યો છે. નગરજનોના વિશ્વાસ અને સહકારના કારણે બાબરા શહેરના વિકાસના અનેક કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ કરી શકયા છીએ, તે માટે તેમણે સૌનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો.

### ભાજપ નેતા અશોક મહીડા સામે ફરિયાદ

# અલારસા દૂધ મંડળીમાં ૨૦ લાખનું કૌભાંડ ઝડપાયું

### આ મામલો હાલ 'બોર્ડ ઓફ નોમિનીઝ'માં ચાલી રહ્યો છે

આણંદ,તા.૧૮

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાની અલારસા દૂધ મંડળીમાં લાખો રૂપિયાની ગેરરીતિનો મામલો સામે આવતા સહકારી આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

આ કૌભાંડમાં ભાજપના નેતા અશોક મહીડા અને બોરસદ APMCના ચેરમેન સામે ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ નોંધવામાં આવી છે, જેને લઈ રાજકીય ગરમાવો પણ જોવા મળી રહ્યો છે. મળતી માહિતી મુજબ, અલારસા દૂધ મંડળીમાં અંદાજે ૨૦ લાખ રૂપિયાના આર્થિક કૌભાંડ બહાર આવ્યું હતું.આ મુદ્દે કાયદેસરની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ કૌભાંડમાં મુખ્ય આરોપી તરીકે ભાજપના નેતા અશોક મહીડાનું નામ સામે આવ્યું છે. આ મામલો હાલ 'બોર્ડ ઓફ નોમિનીઝ'માં ચાલી રહ્યો છે. આજે આ કેસની સુનાવણી માટે ખાસ તારીખ રાખવામાં આવી હતી, જેમાં કૌભાંડના પાસાઓ પર ચર્ચા થવાની હતી.આજની મહત્વની સુનાવણી દરમિયાન ભાજપ નેતા અશોક મહીડા સહિતના અન્ય આરોપીઓ બોર્ડ ઓફ નોમિનીઝ સમક્ષ હાજર રહ્યા નહોતા અને હવે આ કેસની આગામી સુનાવણી માટે ૮ એપ્રિલની નવી મુદત આપવામાં આવી છે.

### ભક્તોમાં આસ્થાનાં ઘોડાપુર

# શ્રી ખોડલધામ મંદિરે આજથી ધામધુમથી ઉજવાશે ચૈત્રી નવરાત્રિનો પર્વ

### મહિલા સમિતિ દ્વારા ધાર્મિક કાર્યક્રમો યોજાશે



અમરેલી, તા. ૧૮

કાગવડ, રાજકોટ મા ખોડલની આરાધનાનો પર્વ એટલે ચૈત્રી નવરાત્રિ. આધ્યાત્મિકતાથી ભરપૂર એવા પાવન પર્વ ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ આવતીકાલ તારીખ ૧૯ માર્ચને ગુરૂવારથી થઈ રહ્યો છે. ચૈત્રી નવરાત્રિમાં ભાવિકો દ્વારા માતાજીની વિશેષ આરાધના કરવામાં આવતી હોય છે. ચૈત્રી નવરાત્રિમાં વિશેષ ફળની પ્રાપ્તિ માટે ભાવિકો માતાજીની ઉપાસના કરતા હોય છે. ચૈત્રી સુદ એકમથી લઈને નોમ સુધી માતાજીની પૂજા અર્ચના કરવાથી વિશેષ ફળની પ્રાપ્તિ થતી હોય છે. ત્યારે ચૈત્રી નવરાત્રિમાં વિ પ્રસિદ્ધ ખોડલધામ મંદિર ખાતે ભકિતમય માહોલની વચ્ચે ઉજવણી કરવામાં આવશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ખોડલધામ મંદિરે ચૈત્રી નવરાત્રિ દરમિયાન ખોડલધામ મહિલા સમિતિ દ્વારા વિવિધ ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

ખોડલધામ ટ્રસ્ટ કાગવડના સ્વપ્ન દ્રષ્ટા નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ખોડલધામ મહિલા સમિતિ દ્વારા ચૈત્રી નવરાત્રિની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવશે. ચૈત્રી નવરાત્રિ દરમિયાન ખોડલધામ મંદિરે અલગ અલગ ભકિતમય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધ્વજારોહણ, અન્નકૂટ, યજ્ઞ, રાસ–ગરબા, માતાજીને ચુંદડી અર્પણ અને ધુન–કિર્તન સહિતના ધાર્મિક કાર્યક્રમો દરરોજ ખોડલધામ મંદિર ખાતે યોજાશે.

તારીખ ૧૯ માર્ચને ગુરૂવારથી ૨૭ માર્ચને શુક્રવાર સુધી ખોડલધામ મહિલા સમિતિ દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. જેમાં પ્રથમ નોરતે જામનગર, બીજા નોરતે ધોરાજી, ત્રીજા નોરતે પોરબંદર, ચોથા નોરતે અમરેલી, પાંચમાં નોરતે ગોંડલ, છઠ્ઠા નોરતે જૂનાગઢ, સાતમાં નોરતે ઉપલેટા, આઠમા નોરતે રાજકોટ શહેર અને નવમા નોરતે જામકંડોરણા મહિલા સમિતિની બહેનો દ્વારા ધાર્મિક કાર્યક્રમો યોજીને મા ખોડલની આરાધના કરવામાં આવશે.

સંકુલ મહિલા કોલેજ
BA B.Com. B.Sc. માઈક્રો
MA M.Com. M.Sc. માઈક્રો
BBA BCA પ્રવેશ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad 226

### તાલુકા મથકોએ કાર્યકર્તાઓ સાથે વિચાર વિમર્શ કરશે

# અમરેલી જિલ્લાની સ્થાનિક સ્વરાજયની ચુંટણીને લઈને કોંગી પ્રમુખ પ્રવાસ કરશે

### કોંગી કાર્યકરોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો

અમરેલી, તા. ૧૮

આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખીને અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા અમરેલી જિલ્લાના વિવિધ તાલુકા મથકો ખાતે કાર્યકર્તાઓ સાથે વિચાર વિમર્શ, માર્ગદર્શન અને સંગઠન મજબૂત બનાવવાના હેતુથી વિશાળ પ્રવાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત તાલુકા તથા શહેર સ્તરે કોંગ્રેસના કાર્યકર્તાઓ સાથે સીધો સંપર્ક સાધી ચૂંટણી લક્ષી આયોજન, વ્યૂહરચના, સંગઠન મજબૂતી અને સ્થાનિક પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. જિલ્લા પ્રમુખ પ્રતાપભાઈ દુધાતના નેતૃત્વમાં તથા ગુજરાત કોંગ્રેસ પ્રદેશ તરફથી નિયુકત પ્રભારીઓની હાજરીમાં યોજાનાર છે જેથી તમામ તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિનાં હોદેદારો અને કાર્યકર્તાઓને હાજર રહેવા અનુરોધ કરવામાં આવે છે. પ્રવાસ કાર્યક્રમ વિગત આ મુજબ છે : ૯ તા. ૨૦/૦૩/૨૦૨૬ સવારના ૯:૦૦ થી ૧૧:૩૦ – સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ સમિતિ (લોહાણા બોર્ડીગ, સાવરકુંડલા) બપોરના ૪:૦૦ થી ૬:૩૦ – સાવરકુંડલા શહેર કોંગ્રેસ સમિતિ (લોહાણા બોર્ડીગ, સાવરકુંડલા) ૯ તા. ૨૧/૦૩/૨૦૨૬ સવારના ૯:૦૦ થી ૧૧:૩૦ – કુંકાવાવ–વડીયા તાલુકા કોંગ્રેસ સમિતિ (શરાફી મંડળી હોલ,કુંકાવાવ) બપોરના ૩:૦૦ થી ૫:૦૦ – બગસરા તાલુકા કોંગ્રેસ સમિતિ (સર્કીટ હાઉસ, બગસરા) સાંજના ૫:૦૦ થી ૭:૦૦ – બગસરા શહેર કોંગ્રેસ સમિતિ (ભરવાડ સમાજ વાડી, બગસરા) ૯ તા. ૨૨/૦૩/૨૦૨૬ સવારના ૯:૦૦ થી ૧૧:૩૦ – રાજુલા તાલુકા કોંગ્રેસ સમિતિ (આહીર સમાજ વાડી, મુ. કોટડી) બપોરના ૪:૦૦ થી ૬:૩૦ – જાફરાબાદ તાલુકા કોંગ્રેસ સમિતિ (કૃષ્ણાનંદ બાપુ મંદિર, નાના–મોટા માણસા) ૯ તા. ૨૩/૦૩/૨૦૨૬ સવારના ૯:૦૦ થી ૧૧:૩૦ – લીલીયા તાલુકા કોંગ્રેસ સમિતિ (જલારામ મંદિર, લીલીયા) બપોરના ૨:૩૦ થી ૫:૦૦ – અમરેલી તાલુકા કોંગ્રેસ સમિતિ (જિલ્લા કોંગ્રેસ કાર્યાલય, જુના માર્કેટીંગ યાર્ડ, અમરેલી)



સાંજના ૫:૦૦ થી ૭:૦૦ – અમરેલી શહેર કોંગ્રેસ સમિતિ (જિલ્લા કોંગ્રેસ કાર્યાલય, અમરેલી)૯ તા. ૨૪/૦૩/૨૦૨૬ સવારના ૯:૦૦ થી ૧૧:૩૦ – ખાંભા તાલુકા કોંગ્રેસ સમિતિ (પ્રજાપતિ સમાજ વાડી, ખાંભા) બપોરના ૩:૦૦ થી ૫:૦૦ – ધારી તાલુકા કોંગ્રેસ સમિતિ (નબાપરા પટેલ વાડી, ધારી) સાંજના ૫:૦૦ થી ૭:૦૦ – ધારી શહેર કોંગ્રેસ સમિતિ (નબાપરા પટેલ વાડી, ધારી) ૯ તા. ૨૭/૦૩/૨૦૨૬ સવારના ૯:૩૦ થી ૧૨:૩૦ – લાઠી તાલુકા કોંગ્રેસ સમિતિ (ભુરખીયા મંદિર, લાઠી) સાંજના ૫:૦૦ થી ૭:૦૦ – બાબરા તાલુકા કોંગ્રેસ સમિતિ (મેલડી માતામંદિર, બાબરા) આ તમામ મીટીંગો દ્વારા જિલ્લા કોંગ્રેસ સંગઠનને વધુ સશકત બનાવવાનો અને આવનારી ચૂંટણીમાં જીત માટે કાર્યકરોને સજ્જ બનાવવાનો મુખ્ય હેતુ છે. અંતમાં, જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા તમામ કાર્યકરોને સમયસર હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવા હાર્દિક અનુરોધ કરવામાં આવે છે.

### દરેક વ્યક્તિ કોર્ટમાં આવવા ઈચ્છતી નથી

# ફેમિલી કોર્ટમાં વકીલો, જજોએ કાળા કોટ ન પહેરવા જોઈએ:સીજેઆઈ

### જજ, વકીલ અને પોલીસે પણ યુનિફોર્મમાં ન આવવું જોઈએ, તેનાથી બાળકો ડરે છે: ચીફ જસ્ટિસ

નવી દિલ્હી, તા.૧૮

બાળકોના મનમાંથી કાયદા-પોલીસ પ્રત્યેનો મનોવૈજ્ઞાનિક ડર દૂર કરવા ફેમિલી કોર્ટને સૂચન કરતાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંતે નોંધ્યું હતું કે, આ માટે કોર્ટની પરંપરાગત કામગીરીમાં કેટલાક ફેરફારો કરવા જોઈએ. દિલ્હીના રોહિણીમાં ફેમિલી કોર્ટના શિલાન્યાસ કાર્યક્રમ દરમિયાન પોતાના સંબોધનમાં ચીફ જસ્ટિસે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, શું ફેમિલી કોર્ટમાં કાળા કોટ હોવા જોઈએ? જ્યારે આપણે ફેમિલી કોર્ટ માટે એક નવી વિચારધારા અને કલ્પના કરી રહ્યા છીએ, ત્યારે શું વર્તમાન વ્યવસ્થા બાળકના મનમાં મનોવૈજ્ઞાનિક ડર પેદા નહીં કરે?ચીફ જસ્ટિસે સૂચન કર્યું કે, ફેમિલી કોર્ટના જજ અને વકીલોએ યુનિફોર્મમાં ન આવવું જોઈએ. ફેમિલી કોર્ટમાં પીઠાસીન અધિકારીઓ કોર્ટના ડ્રેસમાં નહીં બેસે. બારના સભ્યો પણ કાળા અને સફેદ કોટમાં નહીં આવે. પોલીસ અધિકારીઓ પણ વર્દીમાં નહીં આવે, કારણ કે આ આખું વાતાવરણ બાળકોના મનમાં ડર પેદા કરે છે, ખાસ કરીને ત્યારે જ્યારે તેઓ કોઈ પણ વ્યવસ્થાના સૌથી મોટા ભોગ બનતા હોય છે. દરેક વ્યક્તિ કોર્ટમાં આવવા ઈચ્છતી નથી. ફેમિલી કોર્ટનો હેતુ માનવીય સંબંધો સુધારવા, તેના પર વિચાર કરવો અને તેને યોગ્ય કરવાનો છે. શું આપણે તેને 'પારિવારિક સમાધાન કેન્દ્ર' ન કહી શકીએ?


# અમરેલી : જિલ્લાની ૯૪૧ આંગણવાડીઓમાં માળખાકીય સુવિધાઓમાં વધારો થશે



રાજયના આંગણવાડી કેન્દ્રોને વધુ સુદ્રઢ, સુરક્ષિત અને આધુનિક બનાવવાના ઉમદા ઉદ્દેશ સાથે ગુજરાત સરકાર દ્વારા જાન્યુઆરી–૨૦૨૬થી આંગણવાડી નવીનીકરણની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશ હેઠળ જિલ્લામાં આવેલ કુલ ૯૬૧ પૈકી ૯૪૧ આંગણવાડીઓમાં આધુનિકરણ અને કાયાપલટ અર્થે કામગીરી કરવામાં આવી રહી છે. આ ઝુંબેશનો મુખ્ય હેતુ આંગણવાડીઓને વધુ સ્વચ્છ, સુરક્ષિત અને રંગરોગાન કરીને માળખાકીય સુવિધાઓ વિકસિત કરવાનો છે. ઉપરાંત સફાઈ પ્રવૃત્તિઓ થકી આરોગ્યપ્રદ વાતાવરણનું નિર્માણ કરવાનો છે. જિલ્લાના હજારો ભૂલકાઓ, સગર્ભા અને ધાત્રી માતાઓ તેમજ કિશોરીઓને ભૌતિક સુવિધા સભર અને અનુકૂળ વાતાવરણ મળી રહેશે તેમ જિલ્લા પંચાયત આઈ.સી.ડી.એસ શાખા અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.


# અમરેલી : મિશન લાઇફ અંતર્ગત પર્યાવરણ સંરક્ષણ, સ્વસ્થ જીવનશૈલી અને ક્લાઇમેટ ચેન્જ અંગે જાગૃતિ લાવવા વોકેથોન યોજાઇ












અમરેલી જિલ્લામાં કલાઈમેટ ચેન્જની અસર ઘટાડવા માટે અને તેની જન–જાગૃત્તિના પ્રચાર પ્રસાર હેતુથી મિશન લાઈફ (લાઈફ) અંતર્ગત નોડલ અધિકારી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસૂલ)ના માર્ગદર્શન હેઠળ અમરેલી શહેરમાં વોકેથોન રેલીનું આયોજન કરવામાંઆવ્યુંહતું. આ કાર્યક્રમ દ્વારા પર્યાવરણ સંરક્ષણ, સ્વસ્થ જીવનશૈલી અને કલાઈમેટ ચેન્જ અંગે જાગૃત્તિ લાવવા માટે મહવનો સંદેશ આપવામાંઆવ્યો હતો. આ રેલીનો પ્રારંભ સરદાર પટેલ રમત સંકુલ, ચિત્તલ રોડથી થયો હતો, જે રાજકમલ ચોક થઈ અને પરત સ્પોટર્સ સંકુલ ફરી હતી. રેલીમાં પ્રાથમિક શાળાનાંવિદ્યાર્થીઓ, હાઈસ્કૂલનાં વિદ્યાર્થીઓ, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સભ્યો, ડિસ્ટ્રીકટ લેવલ સ્પોટર્સ સ્કૂલ (ડી.એલ.એસ.એસ)ના ખેલાડીઓ, વિવિધ રમતનાં કોચ અને ટ્રેનરો સહિત ૫૦૦ જેટલા લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમ અમરેલી જિલ્લા રમત વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું હતું.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી–નાસિક બસમાં

નકવી સામે મુસાફરોને ધમકી આપતા છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ સમગ્ર મામલે વોટસએપ મારફતે પ્રાપ્ત થયેલી ફરિયાદ તેમજ આ ઘટનાને લગતા વિડીયોઅનેમાહિતીસોશ્યલમીડિયામાં વાયરલ થતાં એસ.ટી. નિગમની પ્રતિષ્ઠાનેઠેસપહોંચીહોવાનુંમાનવામાં આવે છે.

આ બનાવની પ્રાથમિક તપાસમાં આ કંડકટર સામે ગંભીર આરોપોને ધ્યાનમાં લઈને તાત્કાલિક સસ્પેન્શનનો નિર્ણય લેવાયો છે. સસ્પેન્શન દરમિયાન કર્મચારીને ઉના ડેપો મેનેજર સમક્ષ હાજર રહેવા તથા પરવાનગી વિના મુખ્ય મથક ન છોડવા સુચના આપવામાંઆવી છે.

## અવસાન નોંધ

**અમરેલી :** દામોદરભાઈ મોહનભાઈ અમરેલીયા (ઉ.વ. ૮૩) તે અશોકભાઈ, જયસુખભાઈ, સુનિલભાઈ, સુરેશભાઈ, મનીષભાઈના પિતાનું તા. ૧૭નાં રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું તા. ૧૯ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ કલાકે સંઘવી ધર્મશાળા, સ્ટેશન રોડ, અમરેલી ખાતે રાખેલ છે.

**અમરેલી :** અમરેલી નિવાસી નિલેશભાઈ જીવનભાઈ મેજપરા (ઉ.વ. ૫૨) તે શૈલેષભાઈ, નીતાબેન ભુભાંણી, દીપાબેન છગ નાં ભાઈ તથા પલક, પૂજનના પિતાનું તા. ૧૬ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૯ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ ‘શૈલનીલ’ સરદાર નગર શેરી ૨, ચક્કરગઢ રોડ, અમરેલી ખાતે તેમનાં નિવાસ સ્થાને રાખેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૬૦ | ૧૪૩૦ |
| ૨ | ઘઉં | ૩૫૦ | ૫૦૧ |
| ૩ | ચણા | ૧૦૦૦ | ૧૦૨૮ |
| ૪ | તુવેર | ૧૦૬૦ | ૧૩૬૦ |
| ૫ | એરંડા | ૧૧૫૫ | ૧૧૫૫ |
| ૬ | ધાણા | ૧૭૦૦ | ૧૮૦૦ |
| ૭ | તલ | ૧૩૦૦ | ૧૪૭૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૪૪૫ | ૧૪૯૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૪૪૦ | ૧૪૭૫ |
| ૩ | શિંગ મોટી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૪ | શિંગદાણા | ૧૪૨૫ | ૧૭૧૫ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૪૯૦ | ૧૭૩૫ |
| ૬ | તલ સફેદ | ૧૫૬૫ | ૧૮૯૫ |
| ૭ | જુવાર | ૧૦૪૦ | ૧૦૪૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૩૬૫ | ૬૩૫ |
| ૯ | ઘઉં લોકવન | ૩૭૫ | ૪૯૫ |
| ૧૦ | અડદ | ૧૧૨૦ | ૧૧૨૦ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૦૪૫ |
| ૧૨ | ચણા દેશી | ૯૦૦ | ૧૦૮૫ |
| ૧૩ | સફેદ ચણા | ૯૮૫ | ૧૧૦૦ |
| ૧૪ | છોલે ચણા | ૧૨૯૫ | ૧૩૭૦ |
| ૧૫ | તુવેર | ૮૬૦ | ૧૪૫૫ |
| ૧૬ | વાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૭ | કપાસ | ૭૯૦ | ૧૬૮૫ |
| ૧૮ | એરંડા | ૧૦૫૫ | ૧૨૫૫ |
| ૧૯ | જીરૂ | ૨૩૦૦ | ૪૩૦૦ |
| ૨૦ | રાય | ૧૧૮૦ | ૧૩૬૦ |
| ૨૧ | ધાણા | ૧૬૦૦ | ૨૪૦૫ |
| ૨૨ | ધાણી | ૧૭૦૦ | ૩૩૫૦ |
| ૨૩ | મેથી | ૯૦૦ | ૧૨૮૫ |
| ૨૪ | સોયાબીન | ૮૦૦ | ૧૦૪૦ |
| ૨૫ | મરચા લાંબા | ૧૨૫૦ | ૬૬૦૦ |
| ૨૬ | મરચા ઘોલર | ૨૨૦૦ | ૧૦૨૫૦ |

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

‘‘અમરેલી એક્સપ્રેસ’’
અમરેલી શહેરમાં આપને ‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, **સોનલબેન જીતેશકુમાર મકવાણા**, મારૂ જુનું નામ **સોનલ જીતેશકુમાર મકવાણાથી** બદલીને **સોનલબેન જીતેશકુમાર મકવાણા** કરવામાં આવ્યું છે. તેથી હવેથી હું આ નામથી ઓળખાઈશ.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૦૬ |
| ૨ | મગફળી | ૧૨૦૧ | ૧૪૦૦ |
| ૩ | ચણા | ૧૦૦૮ | ૧૦૨૬ |
| ૪ | તુવેર | ૧૩૫૧ | ૧૪૮૧ |
| ૫ | ધાણા | ૧૫૪૨ | ૧૭૧૦ |
| ૬ | મેથી | ૮૩૬ | ૮૩૬ |
| ૭ | એરંડા | ૧૧૫૧ | ૧૧૫૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૬૫ |
| ૨ | શીંગ મોટી | ૧૩૫૦ | ૧૪૬૧ |
| ૩ | તલ સફેદ | ૧૩૫૦ | ૧૮૨૦ |
| ૪ | જીરૂ | ૩૬૦૦ | ૪૪૩૦ |
| ૫ | કપાસ | ૧૪૨૫ | ૧૬૨૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૦૩ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૦ |
| ૮ | બાજરો | ૪૯૦ | ૫૯૦ |
| ૯ | ચણા | ૧૦૦૦ | ૧૦૬૫ |
| ૧૦ | દેશી ચણા | ૧૦૧૧ | ૧૧૪૧ |
| ૧૧ | તુવેર | ૧૩૫૦ | ૧૪૮૨ |
| ૧૨ | એરંડી | ૧૨૦૦ | ૧૨૫૨ |
| ૧૩ | મેથી | ૧૦૮૧ | ૧૨૦૦ |
| ૧૪ | ધાણા | ૧૯૦૦ | ૨૪૦૦ |

## જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ–અમરેલી ના આથી અમારા અસીલ શ્રી વિનોદચંદ્ર ભીખાલાલ મશરૂ, રહે.અમરેલી ની સુચના અન્વયે આ જાહેર નોટીસથી લાગતા–વળગતા સર્વોને જાણ કરીએ છીએ કે, અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામે ગામતળમા લાયબ્રેરી રોડ રસ્તે આવેલ "મીરા આર્કેડ" ની બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફલોરની દુકાન નં.એ/૬ મારા અસીલ એ સબ રજીસ્ટ્રારશ્રી,અમરેલીની કચેરીમા નોંધાયેલ રજીસ્ટર્ડ વેચાણલેખ નં.૧૭૩૯ તા.૧૯/૪/૨૦૦૮ થી વેચાણ રાખેલ છે ત્યારથી આ મિલ્કતના મારા અસીલ સ્વતંત્ર માલીક છે. સદરહુ મીરા આર્કેડવાળી સમગ્ર મિલ્કત વેચાણલેખની વિગત મુજબ ટીકા નં.૩/૧ ના સર્વે નંબર ૧૪,૯૦ તથા ૧૦ પૈકીથી નોંધાયેલ છે. તે પૈકીની સ.નં.૧૪ પૈકીની મિલ્કત અમૃતલાલ નરભેરામ શાહ પાસેથી લલીતાબેન પ્રેમજીભાઈ કાણકીયાએ વચાણ રાખેલ તથા સ.નં.૧૪ પૈકી ૧૦ પૈકી ૯૦ થી નોંધાયેલ મિલ્કત અમૃતલાલ નરભેરામ શાહ પાસેથી લલીતાબેન પ્રેમજીભાઈ કાણકીયા એ વેચાણ રાખેલ. લલીતાબેન પ્રેમજીભાઈ કાણકીયા એ તા.૧/૨/૯૪ના રોજ કરેલ વીલથી સદરહુ મિલ્કત તેમની હૈયાતી બાદ રસીકલાલ પ્રેમજીભાઈ કાણકીયા વિ. ૬ ને સયુંકત માલીકી હકકે આપવા ઠરાવેલ. આથી તેમના અવસાન બાદ આ મિલ્કત રસીકલાલ પ્રેમજીભાઈ કાણકીયા વિ. ના સયુંકત માલીકી હકકે આવેલ તેઓ પાસેથી નવીનચંદ્ર દુર્લભજી તન્ના, રહે.અમરેલીએ વેચાણ રાખેલ તેમા જરૂરી પરવાનગી મેળવી "મીરા આર્કેડ" નું બાંધકામ કરેલ છે. તે માહે આવેલ ગ્રાઉન્ડ ફલોરની દુકાન નં.એ/૬ વેચાણ આપનાર (જમીન માલીક) નવીનચંદ્ર દુર્લભજી તન્ના તથા કન્ફમીંગ પાર્ટી મીરા આર્કેડ–અમરેલી એ નામે ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો (૧) રાકેશભાઈ પ્રતાપભાઈ રાજદેવ પોતે જાતે તથા રાકેશભાઈ પ્રતાપભાઈ રાજદેવ (એચ.યુ.એફ.) ના કર્તા, (૨) રૂપલબેન રાકેશભાઈ રાજદેવ, (૩) વાસંતીબેન નવિનચંદ્ર તન્ના, (૪) કાર્તિક નવિનચંદ્ર તન્ના, એ નં.૧ થી ૪ ના કુ.મુ. નવિનચંદ્ર દુર્લભજી તન્ના રહે.અમરેલી પાસેથી સબ રજીસ્ટ્રારશ્રી,અમરેલીની કચેરીમા નોંધાયેલ રજીસ્ટર્ડ વેચાણલેખ નં.૧૭૩૯ તા.૧૯/૪/૨૦૦૮ થી અમારા અસીલે વેચાણ રાખેલ છે. સદરહુ મિલ્કત સબંધે મારા ઉપરોકત અસીલએ અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ/વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ મા લેખીતમા આધાર–પુરાવા સાથે રજીસ્ટર પોષ્ટ એ.ડી.થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા–તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

તા.૧૯–૦૩–૨૦૨૬

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ એન્ડ નોટરી**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૨૦ | ૧૬૨૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૬૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી | ૧૨૪૫ | ૧૩૭૫ |
| ૪ | જીરૂ | ૩૩૮૦ | ૪૧૫૦ |
| ૫ | ચણા | ૧૦૧૨ | ૧૦૩૦ |
| ૬ | ઘઉં | ૪૭૦ | ૫૪૦ |
| ૭ | ધાણા | ૧૫૭૦ | ૨૧૫૦ |
| ૮ | તુવેર | ૧૨૧૫ | ૧૪૨૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૯૦ |
| ૨ | ઘઉં લોકવન | ૩૦૦ | ૫૦૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૮૦ | ૪૫૧ |
| ૪ | ચણા | ૯૫૦ | ૧૦૦૯ |
| ૫ | ધાણા | ૧૦૦૦ | ૧૮૭૦ |
| ૬ | શીંગદાણા | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૭ | તુવેર | ૮૧૫ | ૧૪૬૦ |
| ૮ | મેથી | ૯૦૦ | ૯૯૫ |
| ૯ | મગફળી | ૧૧૦૫ | ૧૨૩૫ |
| ૧૦ | સોયાબીન | ૬૨૦ | ૯૫૦ |
| ૧૧ | રાય | ૮૫૦ | ૮૫૦ |
| ૧૨ | લસણ | ૮૦૦ | ૮૦૦ |
| ૧૩ | મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૪ | અડદ | ૧૧૨૫ | ૧૧૨૫ |

## સાવરકુંડલાના ફીફાદ ગામે અનોખો સન્માન સમારંભ યોજાશે

અમરેલી, તા. ૧૮

સાવરકુંડલા તાલુકાના વંડા ગામની નજીક આવેલ રાઠોડ પરિવારનો ફીફાદ ગામે સ્વ. ધોળીમાં તથા સ્વ. વાલાદાદા ધરવડીયાની સ્મૃતિમાં શ્રીમતી ગીતાબેન ભોળાભાઈ ધાખડા (શિવશકિત) અમરેલી દ્વારા, વિદ્યાર્થી સરસ્વતી સન્માન, ગ્રામ્ય ભુવાદાદાનું દૈવી સન્માન, માતૃવંદના, સીનીયર સીટીજન જેવા શિક્ષણ સાથે માનવતાનો મોમાઈ ધામ–ફીફાદના આંગણે આગામી તા. ૨૬/૩/૨૬ ગુરૂવારના કાર્યક્રમની રાઠોડ પરિવાર સાથે ધાખડા પરિવાર તડામાર તૈયારી કરી રહ્યા છે.

**શ્રી રામપુર ગ્રામ પંચાયત કચેરી**
**મુ. રામપુર, તા. કુંકાવાવ, જી. અમરેલી**

### :: ટુંકી મુદ્તની જાહેર હરરાજી ::

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, અમરેલી જિલ્લાના કુંકાવાવ–વડિયા તાલુકાના રામપુર ગામે શિવાલય મંદિર પાસે આવેલ ગ્રામ પંચાયત હસ્તકની ‘‘આંગણવાડી કેન્દ્ર નં. ૧૦૨’’ જેની અપસેટ વેલ્યુ રૂ. ૯૫૪૨/– (અંકે રૂપિયા નવ હજાર પાંચસો બેતાલીસ) છે. તે તોડીપાડી, ઈમલો ઉતારી, કાટમાળ નિકાલ કરી અને જગ્યા ખુલ્લી સમથળ કરી આપવાના કામની જાહેર હરરાજી તા. ૦૬/૦૪/૨૦૨૬ને સોમવારના રોજ સમય સવારે ૧૧ : ૦૦ કલાકે સ્થળ પર જ રાખવામાં આવેલ હોય તો હરરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા રસ ધરાવતા ઈસમોએ હાજર રહેવું.

**સરપંચશ્રી**
**રામપુર ગ્રામ પંચાયત**
**તા. કુંકવાવ, જી. અમરેલી**
**મો. ૯૭૨૭૫ ૩૯૪૧૦**

## કુલમુખ્ત્યારનામુ ખોવાઈ ગયા અંગેની જાહેર નોટિસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ એન્ડ નોટરી યોગેશકુમાર ડી. દવે, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટિસ આપી જણાવીએ છીએ કે, અમરેલી જિલ્લાનાં અમરેલી ગામે સુધરાઈ હદમા ડુબાણીયાપરા મા આવેલ રહેણાંક મકાન કે જેનો ટીકા નંબર ૧૨/૫ સીટી સર્વે નંબર ૧૯ પૈકી, જેના ચો.મી. ૧૩૭–૯૬ વાળી મિલકત હાલ જમાલભાઈ બોદુભાઈ ચોટલીયા, રહે. અમરેલીવાળાની માલીકી કબ્જા ભોગવટાની આવેલ છે.

આ ઉપરોકત મિલકતના ઉત્તરોત્તર દસ્તાવેજ નં. ૩૬૫૮, તા. ૧૮/૧૦/૨૦૦૮ના રોજનો (૧) રાજેશભાઈ ધીરજલાલ સાંગાણીના કુલમુખ્ત્યાર નરેશકુમાર ધીરજલાલ સાંગાણી, રહે. અમરેલીવાળાએ વેચાણ આપેલ છે. આ કુલમુખ્ત્યારનામાની નકલ જે તે સમયે આપવામાં આવેલ હતી પરંતુ તેની નકલ કયાંક ખોવાઈ ગયેલ છે. તેવી માહિતી અમોને આપેલ છે. જેથી ઉપરોકત કુલમુખ્ત્યારનામાની નકલ જો કોઈને મળેલ હોય કે મળે તો તેને નીચે જણાવેલ સરનામે દિન–૦૫ (પાંચ) મા જાણ કરવા અગર પહોંચતી કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મિલકતની–માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને કોઈપણ પ્રકારના હકક–હિત કે હિસ્સા સમાવેલ હોય કે તે બાબતને કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર કે હરકત હોય તો જરૂરી આધાર પુરાવા સાથે તેવા હકક, હિત કે હિસ્સો સંબંધેના આધારો અમારી પાસે દિન–૦૫ (પાંચ) મા અમારા સરનામે રજુ કરશો, જો તેમ નહીં કરવામાં આવે તો આ મિલ્કત ટાઈટલ કલીયર અને ચોખ્ખી અને બિન તકરારી છે તેવું માની આગળની કાર્યવાહી કરવામાં આવશે અને આ પછી કોઈપણનો વાંધો–તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**તારીખ : ૧૮/૦૩/૨૦૨૬**
**સ્થળ : અમરેલી**

**તે અમારા અસલની સુચનાથી**
**જમાલભાઈ બોદુભાઈ ચોટલીયા**

**યોગેશકુમાર ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)

**શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, ઓફીસ નં. ૪૬, મુ.મોટી કુંકાવાવ, તા.વડીયા, જિ.અમરેલી.મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૬૦ | ૧૨૬૦ |
| ૨ | કપાસ | ૧૦૦૦ | ૧૫૭૫ |
| ૩ | બાજરો | ૨૮૦ | ૫૨૯ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૩૫ |
| ૫ | જુવાર | ૨૫૩ | ૧૦૫૨ |
| ૬ | અડદ | ૯૦૧ | ૧૪૩૧ |
| ૭ | તુવેર | ૧૩૫૦ | ૧૪૦૦ |
| ૮ | ચણા | ૮૬૦ | ૧૧૦૦ |
| ૯ | મેથી | ૯૦૦ | ૯૬૧ |
| ૧૦ | રાય | ૧૦૦૦ | ૧૧૫૦ |

# ઈફકો ટોકિયોનાં અધ્યક્ષ બન્યા બાદ દિલીપ સંઘાણીની પ્રથમ ઈફકો ટોકિયો ઓફિસની મુલાકાત






ઈફકો ટોકિયોનાં અધ્યક્ષ તરીકે જવાબદારી સંભાળ્યા બાદ ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીનું ઈફકોનાં મેનેજીંગ ડિરેકટર કે.જે. પટેલ, ઈફકો ટોકિયોનાં મેનેજીંગ ડિરેકટર સુબ્રતો મોંડલ, ઈફકોનાં નિર્દેશક (માનવસંસાધનઅનેકાનૂન) રમેશકુમાર સહિત અધિકારીઓ અને કર્મચારીઓએ તેમનું હાર્દિક અભિવાદન કર્યુ. ઈફકો ચેરમેને કાર્યક્ષમતામાં વધારો, ગ્રાહકસેવા વધુ મજબુત બનાવવી અને ટેકનોલોજી આધારતિ નવીનતાઓ અપનાવવા પર ખાસ ભાર મુકયો બાદમાં તેમણે કર્મચારીઓ સાથે સંવાદ કરતા ઈફકો ટોકિયોની પ્રગતિ, કાર્યશૈલી અને ભવિષ્યની યોજનાઓ અંગે વિગતવાર વિચારવિમર્શ કર્યો તેમણે કર્મચારીઓના સુચનોને ખૂબ જ મહત્વપૂર્ણ ગણાવ્યા અને સંસ્થાની સતત પ્રગતિ માટે તે અનિવાર્ય હોવાનું જણાવ્યું તેમણે કહ્યું કે, ઈફકો ટોકિયોની સફળતાનું મૂળ આધાર તેના કર્મચારીઓ છે, તેમની પ્રતિબધ્ધતા, પારદર્શિતા અને સકારત્મક દ્રષ્ટિકોણ સાથે કાર્ય કરવાની અપીલ કરી. તેમણે વધુમાં જણાવ્યું કે, બદલાતા સમય અને વધતી સ્પર્ધાનાં યુગમાં નવીનતા, ડિજીટલ સશકિતકરણ અને ગ્રાહક કેન્દ્રિત અભિગમ અપનાવવો અત્યંત જરૂરી છે, જેથી કંપની પોતાની સેવાઓની વધુ અસરકારક અને વિશ્વસનીય બનાવી શકે. આ મુલાકાતથી કર્મચારીઓમાં ઉત્સાહ અને સકારાત્મક ઊર્જાનો માહોલ જોવા મળ્યો કર્મચારીઓએ અધ્યક્ષનાં માર્ગદર્શનને પ્રેરણાદાયક ગણાવી સંસ્થાનાં પ્રગતિમાં પોતાનુ સંપૂર્ણ યોગદાન આપવાનો વિશ્વાસ વ્યકત કર્યો. કાર્યક્રમનાં અતે તમામે મળીને સંસ્થાની સતત પ્રગતિ અને સફળતા માટે સંકલ્પ લીધો આ મુલાકાત સંસ્થાને માટે પ્રેરણાદાયક, ઉત્સાહવર્ધક અને માર્ગદર્શન સાબિત થઈ. ઈફકો ટોકિયોનાં અધિકારીઓએ બેઠકનાં અંતે જણાવ્યું કે, તેમની કારકિર્દીમાં આ સંસ્થાનાં અધ્યક્ષ એક પછી એક અધિકારી–કર્મચારી સાથે બેઠક કરે તે પ્રતહં જાણાવ્યું અને સૌએ ખુશી વ્યકત કરી. ઈફકોનાં મેનેજીંગ ડિરેકટર કે.જે.પટેલ, ઈફકો ટોકિયોનાં મેનેજીંગ ડિરેકટર સુબ્રતા મોંડલ, ઈફકોનાં નિર્દેશક (માનવ સંસાધન અને કાનૂન) રમેશકુમાર તથા ઈફકો ટોકિયોનાં ડિરેકટર તાતસૂયા કુજીમોતો સહિત અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા.

### નગરપાલિકા ચીફ ઓફિસરને લેખિત રજુઆત

## બાબરા નગરપાલિકાની સ્વચ્છતા કામગીરી અંગે આમ આદમી પાર્ટીની ફરિયાદ

### વોર્ડ નં. ૨ માં નિયમિત સફાઈ ન થતી હોવાનો આક્ષેપ

બાબરા, તા. ૧૮

બાબરા શહેરમાં નગરપાલિકા દ્વારા હાથ ધરાતી સ્વચ્છતા કામગીરી અંગે આમ આદમી પાર્ટી દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યો છે. બાબરા શહેર આમ આદમી પાર્ટીના આગેવાન કૌશિકભાઈ ભરાડ દ્વારા નગરપાલિકાના ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરીને શહેરના વોર્ડ નં. ૨ વિસ્તારમાં સફાઈ વ્યવસ્થા યોગ્ય રીતે ન થતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ તા. ૫/૩/૨૫ ના રોજ અખબારમાં પ્રસિદ્ધ થયેલ નગરપાલિકાની જાહેર નિવેદનમાં બાબરા શહેરમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિવિધ વોર્ડમાં નિયમિત સફાઈ થતી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જો કે રજૂઆતમાં જણાવ્યા મુજબ વોર્ડ નં. ૨ વિસ્તારમાં



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

કચરો ઉઠાવવામાં તેમજ સફાઈ કામગીરીમાં પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી.

આમ આદમી પાર્ટીના આગેવાન કૌશિક ભરાડ દ્વારા વધુમાં જણાવાયું છે કે તેમના વિસ્તારમાં ઘણા દિવસોથી યોગ્ય રીતે સફાઈ કરવામાં આવતી નથી અને કચરો ઉઠાવવામાં પણ બેદરકારી દાખવવામાં આવે છે. પરિણામે સ્થાનિક રહેવાસીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ મુદ્દે તેમણે નગરપાલિકા તંત્રને તાત્કાલિક ધ્યાન આપવા માંગ કરી છે અને વોર્ડ નં. ૨ વિસ્તારમાં નિયમિત તથા અસરકારક રીતે સ્વચ્છતા કામગીરી હાથ ધરવા માંગણી કરી છે. સાથે જ જરૂરી પગલાં લેવામાં આવે તેવી રજૂઆત ચીફ ઓફિસરને લેખિતમાં કરવામાં આવી હોવાનું પણ જણાવાયું છે.

### ગરીબો માટે સતત દોડનાર અને

## અમરેલીનાં સામાજીક કાર્યકર દિલશાદભાઈ શેખનુ નિધન થયું

### સૌ.વિ.પ.નાં આગેવાનોએ શોક વ્યકત કર્યો




અમરેલી, તા. ૧૮

ગુજરાતના પૂર્વ નાણામંત્રી સ્વ.સનતભાઈ મહેતાના માર્ગદર્શનથી જે સંસ્થાની રચના સૌરાષ્ટ્રના વિકાસ માટે કરવામાં આવી હતી તે સંસ્થા ''સૌરાષ્ટ્ર વિકાસ પરિષદ''ના પ્રથમથીજ કાર્યકર રહેલા એવા અમરેલીના સમાજ સેવક દિલસાદભાઈ શેખનુ ટૂંકી બિમારી બાદ અવસાન થતા સૌરાષ્ટ વિકાસ પરિષદ (રાજકોટ)ના પ્રમુખ યશવંતભાઈ જનાણી, મંત્રી મોટાભાઈ સંવટ, જનાર્દનભાઈ પંડ્યા, લિયાકતહુસેન બુખારી સહિતના પદાધિકારીઓએ તેમના પરિવારની મુલાકાત કરીને સાંત્વના પાઠવી હતી.

દિલસાદભાઈ શેખ વર્ષોથી સૌરાષ્ટ્ર વિકાસ પરિષદ સાથે જોડાયેલા હતા તેમજ મહામંત્રી, ઉપાધ્યક્ષ તરીકે સેવા આપીને સૌરાષ્ટ્રના અનેક પ્રશ્નોની કેન્દ્ર સરકાર અને રાજય સરકારોમાં સફળ રજુઆતો કરીને પરિણામ મેળવ્યું હતું. અમરેલીના બ્રોડ ગેજ રેલ્વેના પ્રશ્ને તેઓએ અનેકવાર લડત ચલાવી હતી. તે વખતના સંસ્થાના પ્રમુખ ડી.ભાઈ વિઠલાણીની આગેવાનીમાં અમરેલીથી સોમનાથ યાત્રા પણ કાઢી હતી. પીપાવાવ પોર્ટ હોય કે જીઆઈડી સીના પ્રશ્નો સહિત અનેક પ્રશ્નો બાબતે તેઓએ કેન્દ્ર અને રાજય સરકારમાં રજુઆતો કરીને સફળતા મેળવી હતી. કોલેજ કાળ પછી દિલીપભાઈ સંઘાણીના નેતૃત્વમાં અમરેલી જિલ્લા યુવક સંઘની સ્થાપના કરવામાં તેઓ અગ્રેસર હતા. તેમજ અમરેલી જિલ્લામાં અનેક ગામડાઓમાં તેમના માર્ગદર્શનમાં યુવક મંડળોની સ્થાપનાઓ કરીને યુવકોને સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં જોતર્યા હતા. સ્વ. દિલસાદભાઈ શેખ ગુજરાત યુવક બોર્ડમાં પણ સદસ્ય તરીકે વર્ષો સુધી સેવા આપી હતી. સરકારી અધિકારી તરીકે પણ તેઓએ વિધવા, વૃધ્ધો તેમજ દિવ્યાંગ લોકોને હંમેશા ઉપયોગી થતા તેમજ તેમને મળતા સરકારી લાભો અપાવતા. અમરેલી જિલ્લાની અનેક સામાજિક સંસ્થાઓની રચનામાં પણ તેઓનું મહત્વનું યોગદાન રહ્યું છે. તેઓના અવસાનથી પરિવાર સહિત અનેક સંસ્થાઓ, ગરીબોને મોટી ખોટ પડી છે તેમ સૌરાષ્ટ વિકાસ પરિષદ દ્વારા શોક પ્રસ્તાવમાં જણાવાયુ છે અને શોકાંજલિ પાઠવવામાં આવી છે.

### સાંસદ ભરત સુતરિયાએ લોકસભામાં કરી માંગ

## અમરેલી જિલ્લા માટે રેલ્વે સુવિધાઓ વધારવા સંસદમાં ગુંજયો અવાજ

### વંદે ભારત સહિત લાંબા રૂટની નવી ટ્રેનો, બ્રોડગેજ લાઈન અને કોચ ફેકટરી માટે મહત્વપૂર્ણ રજૂઆત

અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લાની જનતાને પૂરતી રેલવે સુવિધાઓ ઉપલબ્ધ નથી, તે મુદ્દે સંસદ ગૃહમાં મહત્વપૂર્ણ અવાજ ઉઠ્યો છે. ત્યારે અમરેલીના સાંસદ ભરત સુતરિયા દ્વારા ચાલી રહેલા સંસદ સત્ર દરમિયાન રેલવે સુવિધાઓ વધારવા માટે વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી.

અમરેલીના સાંસદે જણાવ્યું હતું કે, અમરેલી રેલવે સ્ટેશનનું આધુનિકીકરણ કાર્ય આગામી બે મહિનામાં પૂર્ણ થવાનું છે, ત્યારે હવે અમરેલીથી લાંબા અંતરની ટ્રેનો ફાળવવી અત્યંત જરૂરી બની ગઈ છે. આ માટે રેલમંત્રી સમક્ષ ખાસ રજૂઆત કરીને અમરેલીથી સીધી ટ્રેનો શરૂ કરવાની માંગ કરવામાં આવી છે.

વિશેષ કરીને વર્ષોથી રેલવે સેવાથી પછાત રહી ગયેલા અમરેલી જિલ્લાને 'વંદે ભારત' ટ્રેન તથા અમરેલી હરિદ્વાર માટે નવી ટ્રેન દોડાવવા સાંસદે જોરદાર રજૂઆત કરી હતી.

અમરેલી જિલ્લાના લોકો વ્યવસાય અર્થે લાખોની સંખ્યામાં મોટા શહેરોમાં વસે છે. ત્યારે અમરેલીથી અમદાવાદ, સુરત, વડોદરા અને મુંબઈ જેવા મહાનગરો માટે દરરોજ વધુ ટ્રેનોની સુવિધા ઉપલબ્ધ કરાવવા અને આ સુવિધા શરૂ કરવામાં આવે તો મુસાફરોને વધુ અનુકૂળતા મળી રહે તેમ છે.

રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અમરેલીના વિકાસને ધ્યાનમાં રાખીને અમરેલી–ચલાલા–ધારી માર્ગ ઉપર હાલની મીટર ગેજ લાઈન છે. તે લાઈન બ્રોડગેજમાં પરિવર્તિત કરવાની પણ માંગ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારને પરિવહન અને વેપાર માટે નવી ગતિ મળશે.

આ ઉપરાંત, અમરેલી જિલ્લામાં રેલવે કોચ બનાવવાનું સરકારી કારખાનું શરૂ કરવાની પણ રજૂઆત



કરવામાં આવી છે. આ કારખાનું શરૂ થવાથી સ્થાનિક સ્તરે રોજગારની તકો ઉભી થશે અને ઔદ્યોગિક વિકાસને પણ પ્રોત્સાહન મળશે.

અમરેલીના સાંસદની આ ધારદાર રજૂઆતને કારણે અમરેલી અને આસપાસના વિસ્તારોમાં રેલવે સુવિધાઓમાં મોટા પ્રમાણમાં ઉભી થવાની આશા વ્યક કરવામાં આવી રહી છે.

### ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થયેલી પરીક્ષા ૧૮ માર્ચે સંપન્ન

## બાબરામાં ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ

### અંતિમ પેપર બાદ વિદ્યાર્થીઓમાં ખુશીની લાગણી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૧૮

બાબરા શહેરમાં ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાઓ શાંતિપૂર્ણ અને વ્યવસ્થિત માહોલમાં સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. તા. ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થયેલી બોર્ડ પરીક્ષા તા.૧૮ માર્ચના રોજ અંતિમ પેપર સાથે સંપન્ન થતાં વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. બાબરા શહેરના વી.એલ. ગેલાણી સ્કૂલ, કમળશી હાઈસ્કૂલ, કે.પી. આશરા ગર્લ્સ સ્કૂલ તેમજ વિવેકાનંદ વિદ્યાલય સહિતના પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરીક્ષા દરમિયાન શિસ્તબદ્ધ વાતાવરણ વચ્ચે વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પરીક્ષા આપી હતી. બાબરા શહેર ઉપરાંત તાલુકાના વિવિધ ગામડાંઓમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા પહોંચ્યા હતા. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે પૂરતી તૈયારી અને મહેનતના કારણે મોટા ભાગના પેપર સરળ લાગ્યા હતા.

અંતિમ પેપર પૂર્ણ થતાં પરીક્ષા કેન્દ્રો બહાર વિદ્યાર્થીઓ ખુશીભેર બહાર નીકળતા જોવા મળ્યા હતા. લાંબા સમયથી ચાલી રહેલી તૈયારી અને પરીક્ષાનો અંત આવતાં વિદ્યાર્થીઓમાં હળવાશનો માહોલ જોવા મળ્યો હતો. સમગ્ર પરીક્ષા દરમિયાન શાંતિપૂર્ણ અને સુચારૂ વ્યવસ્થા વચ્ચે પરીક્ષા યોજાતા વિદ્યાર્થીઓ તેમજ વાલીઓમાં સંતોષની લાગણી વ્યાપી હતી.

## ભૂરખીયા હનુમાનજી દાદાનાં મંદિરે ગુરૂવારે વિનામૂલયે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

ભૂરખીયા, તા.૧૮

ભૂરખીયા હનુમાનજીદાદાના મંદિરે ગુરૂવારે ૯૬મો વિના મૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે. લાભ લેવા અનુરોધ. લાઠી તાલુકાના ભૂરખીયા ગામમાં આવેલ સ્વયં પ્રગટ હનુમાનજી દાદાના મંદિરે રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), સુદર્શન નેત્રાલય અમરેલી, અને ભૂરખીયા હનુમાનજી મંદિર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ૧૯/૩/૨૬ ને ગુરૂવારના સવારનાં ૮ થી બપોરનાં ૧૨ સુધી વિના મૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોએ આધાર પુરાવા સાથે ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે સમયસર



આવી જવું તેમ આયોજકોએ જણાવેલ છે. નેત્રમણી વિના મૂલ્યે બેસાડી આપવામાં આવશે. તેમજ નંબરના ચશ્મા રાહત દરે મળશે.

## આવતીકાલે અમરેલીમાં સિંધી સમાજ દ્વારા ચેટીચાંદની ઉજવણી

અમરેલી, તા. ૧૮

અમરેલીના સિંધી સમાજ દ્વારા આગામી ચેટીચંદ પર્વ નિમિત્તે ઉજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઉતરસિંધી પંચાયત અમરેલી દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ઝુલેલાલ જયંતી (નવા વર્ષ)ની ઉજવણી ધામધૂમથી કરવામાં આવશે.

આગામી તા.૨૦, શુક્રવારે સમગ્ર સિંધી સમાજ દ્વારા પોતાના ધંધા–રોજગાર બંધ રાખી ચેટીચંદ પર્વની ઉજવણીમાં જોડાશે. જેમાં શુક્રવારે સવારે ૮–૩૦ વાગ્યે મહાઆરતી, ૮–૪૫ વાગ્યે ધ્વજારોહણ અને ૯ વાગ્યે ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. રેલી પૂર્ણ થયા બાદ ઉપસ્થિત ભકોને નાસ્તો અપાશે.

બાદમાં ૧૦–૩૦ વાગ્યાથી ચણા અને શરબતનો પ્રસાદ ત્રણ સ્થળોએ વિતરણ કરવામાં આવશે, જેમાં સુખ અમરધામ મંદિર, રાજકમલ ચોક અને કૃષ્ણા પેટ્રોલ પંપ સામેનો રાખવામાં આવેલ છે.

તે જ દિવસે સાંજે ૫ વાગ્યે ડી.જે. સાથે ભવ્ય શોભા યાત્રા નીકળશે. રાત્રે ૮–૩૦ વાગ્યે અમરેલીના કામનાથ મંદિર ખાતેથી જયોત પરવાન તથા રાત્રે ૯ વાગ્યે કેક કટિંગ અને ૯–૩૦ વાગ્યે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમગ્ર કાર્યક્રમ સુખ અમરધામ મંદિર, ગાંધી બાગ પાસે, અમરેલી ખાતે યોજાશે. સિંધી સમાજ દ્વારા ધર્મપ્રેમી જનતાને ચણા શરબતના પ્રસાદ અને દર્શનનો લાભ લેવા શહેરીજનોને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

# ચમારડી નજીક આઈશ્રી ખારાવાળી ખોડીયાર મંદિરે 'અલખધણી ગૌશાળા પ્રવેશદ્વાર'નું ખાતમુહૂર્ત કરતા ગોપાલ વસ્તરાપરા






બાબરા તાલુકાના ચમારડી ગામ નજીક આવેલ સૌથી પેરાણિક જગ્યા ચોમારડી આઈ શ્રી ખારાવાળી ખોડીયારમાંના મંદિરે ચમારડી ગામના વતની અને સરદાર પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાના વરદ હસ્તે આજ રોજ મુખ્ય પ્રવેશદ્વારનું ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું આ અલખધણી ગૌશાળા મુખ્ય પ્રવેશદ્વારના દાતા શ્રી સરદાર પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા પાંચ લાખ એકાવન હજાર રૂપિયાનું નવ નિર્માણ પ્રવેશદ્વાર બનાવવામાં આવશે ત્યારે અલખધણી ગૌશાળા અને આઈ શ્રી ખારાવાળી ખોડીયારમાંના મહંત શ્રી ગોવિંદ ભગત દ્વારા ગોપાલભાઈ વસ્તરપરાનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું ત્યારે આ તકે ચમારડી ગામના સર્વ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા ત્યારે ગોપાલભાઈ વસ્તપરાએ માં ભગવતી આઈશ્રી ખારાવાળી ખોડીયાર માતાજીનું પૂજન અર્ચન કરી આરાધના કરી હતી.

શુ તમે કિડની સ્ટોનના દુઃખાવાથી કંટાળી ગયા છો ?
(RIRS) Retrograde Intrarenal Surgery
અમરેલીમાં એકમાત્ર American ટેકનોલોજી આધારિત Thulium લેસર દ્વારા સર્જરી
કિડની, મુત્રમાર્ગ, પ્રોસ્ટેટ અને પથરીના સુપર સ્પેશ્યાલિટ
• કોઇ હોલ કે ટાંકો નહી • ઝડપી રિકવરી • ઓછો દુઃખાવો • કિડનીની સંપૂર્ણ સુરક્ષા
ડો.નીત ચોટાઇ MBBS, M.S., Dr NB (Urology)
NETRA CHIKITSA TRUST MULTISPECIALITY HOSPITAL
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
વધુ માહિતી માટે 99789 66629

# મામુલી વેતનમાં ફરજ બજાવતી મહિલાઓએ વેતન વધારાની કરી માંગ

# અમરેલી, બગસરામાં આંગણવાડી વર્કર અને હેલ્પરની રેલી યોજાઇ

ઘણા વર્ષોથી આંગણવાડી વર્કર અને હેલ્પર વેતન વધારાની વ્યાજબી માંગ કરે છે છતાં સરકાર સાંભળતી નથી

ફાઈવ ટ્રિલિયન ઈકોનોમીની ગુલબાંગો વચ્ચે મહિલાઓને પુરતુ વેતન પણ અપાતુ નથી

અવારનવાર રજૂઆત કરવા છતાં પણ મહિલાઓને ભાઈ પ્રધાનમંત્રી હોવા છતાં ન્યાય મળતો નથી

હાઈકોર્ટનાં આદેશ બાદ પણ રાજ્ય સરકાર વેતનમાં વધારો કરતી ન હોવાનું મહિલાઓએ જણાવ્યું



અમરેલી, તા. ૧૮

અમરેલી,બગસરામાંઆજે આંગણવાડી વર્કર અને હેલ્પર મહિલાઓએ પુરતા વેતનની માંગઅને હાઈકોર્ટનાં આદેશનું પાલન કરવાની માંગ સાથે ધરણા કરી આવેદનપત્ર પાઠવ્યું હતું.

આંગણવાડી વર્કર યુનિયન ધ્વારા છેલ્લા ઘણા વર્ષોથી મહિલાઓને અપુરતા વેતન અને સુવિધા આપવાની માંગ સાથે રાજય સરકાર સાથે બેઠકો યોજાયાબાદ ન્યાય ન મળતાં હાઈકોર્ટમાં પણ ન્યાય માંગવામાં આવેલ.

ઘણા વર્ષોથી ગુજરાતની બહેનો ન્યાયની માંગ કરે અને તેમના ભાઈ આજે પ્રધાનમંત્રી હોવા છતાં પણ ન્યાય મળતો ન હોય આંગણવાડી વર્કર અને હેલ્પર મહિલાઓમાં નારાજગીનો માહોલ જોવા મળી રહ્યો છે.

## ભરઉનાળે ઘટાટોપ વાદળો ધસી આવ્યા

# બગસરા અને વડિયા પંથકમાં ધીમીધારે કમોસમી વરસાદનું આગમન થયુ

ચણા, ધાણા, ઘઉં સહિતનાં તૈયાર પાકોને નુકસાનની ભીતિ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

અમરેલી, તા. ૧૮

અમરેલીજિલ્લામાં કાળઝાળ ગરમીનાં માહોલ વચ્ચે બગસરા અને વડિયા પંથકમાં આજે ઘટાટોપ વાદળો વચ્ચે કમોસમી વરસાદનું આગમન થતાં ચણા, ધાણા, ઘઉં સહિતનાં તૈયાર થયેલ ખેતીપાકોને વ્યાપક નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. એકતરફ જગતાત ગણાતા ખેડૂતો અનેક પરેશાની વચ્ચે ખેતીકાર્ય કરી રહ્યા હોય તેવા સમયે કુદરતનો પણ માર પડતા ખેડૂતોમાં હતાશાનો માહોલ જોવા મળી રહ્યો છે.

## ૧૬ માર્ચનાં રોજ ૨ મહિલાઓ સાથે છેડતી કરેલ

# અમરેલી–નાસિક બસમાં મહિલા મુસાફરની છેડતીનાં આક્ષેપ બાદ એસ.ટી. કંડકટર સસ્પેન્ડ

કંડકટર સિપ્તેહુસેન છોટુમિયાને ઉના ડેપોમાં હાજર રહેવા સુચના

અમરેલી, તા. ૧૮

ગુજરાતરાજયમાર્ગવાહન વ્યવહાર નિગમ (એસ.ટી.) અમરેલી ડેપોમાં ફરજ બજાવતા કંડકટર સિપ્તેહુસેનછોટુમિયા નકવીસામે ગંભીર આક્ષેપો થવાના પગલે તેમને તાત્કાલિક અસરથી નોકરીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

અમરેલી એસ.ટી. ડેપો મેનેજર એચ.એન. દવે ધ્વારા જારી કરાયેલા આદેશ મુજબ ગત તા. ૧૬ માર્ચનાં રોજ અમરેલીથી નાસિક જતી સ્લીપર કોચ બસમાં સિપ્તેહુસેન છોટુમિયા નકવી કંડકટરની ફરજ દરમિયાન તેઓએ બે મહિલા મુસાફરો સાથે છેડતી કરવાનાં તેમજ તેમને વણી બસસ્ટેન્ડ પર ઉતરવા ન દેતા જબરદસ્તી કરી નાસિક સુધી લઈ જવાના આક્ષેપો સામે આવ્યા છે.

આ સિપ્તેહુસેન છોટુમિયા

અનુસંધાન પાના ૬ ઉપર

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્‌લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૫
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
ફોરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૯૨

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Franchise Development Manager - 1
Experience : 1-2 Years
• Sales & Marketing Officer - 2
Experience : 1-2 Years
• Night Billing Executive - 2
Experience : 1-2 Years
• Liaisoning Officer - 1
Experience : 1-2 Years (Male)
• Junior Accountant - 1
Experience : 1-2 Years
• Trainer – 2
Experience : 1-2 Years
Location : Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

શ્રી ગણેશ
3D/4D સોનોગ્રાફી & એકસરે ક્લિનિક
ડો. ભરત બી. પાડા MBBS, DMRE
Consultant Radiologist & Sonologist
બી.એમ. ચોક. માણેકપરા. મેઈન રોડ. લીલીયા રોડ. અમરેલી
ફોન : ૦૨૭૯૨ – ૨૨૦૩૩૩ મોબાઈલ : ૯૯૨૫૨ ૯૭૯૮૧ - ૯૯૦૧૮ ૨૯૭૯૧

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

LG
This New Year
Get Maximum Savings
with the New Energy Ratings.
LG Air Conditioners
Life's Good.
LG BEST SHOP મુકુંદરાય એન્ડ બધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)